અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ માર્ચ ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૮

વર્ષ : ૧૬
અંક : ૨૪૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### રોકાણકારો ૪૦૦૦૦૦ કરોડ રૂપિયા કમાયા

## શેરબજાર સળંગ બીજા દિવસે સુધર્યા, નિફ્ટીએ ૨૨૫૦૦નું લેવલ પાછું મેળવ્યું

### સેન્સેક્સ ૬૦૯.૮૬ પોઈન્ટ વધારા સાથે ૭૪,૩૪૦.૦૯ પોઈન્ટ પર બંધ, નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ ૦.૯૩% વધીને ૨૨,૫૪૪.૭૦ પોઈન્ટ પર બંધ થયો

। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

બુધવારે પણ શેર બજારે લીલા નિશાન સાથે ટ્રેડિંગ શરૂ કર્યું અને મોટા વધારા સાથે બંધ થયું. સતત ૧૦ દિવસ સુધી ઘટાડા સાથે બંધ રહ્યા પછી બુધવારે બજારે વધારા સાથે કારોબાર પૂર્ણ કર્યો. જે પછી આજે ફરી એકવાર બજારમાં તેજી જોવા મળી અને તે સારા વધારા સાથે બંધ થયું. ભારતીય શેરબજારમાં આજે સતત બીજા દિવસે સારી રિકવરી જોવા મળી. ગુરુવારે બંને મુખ્ય શેરબજાર સૂચકાંકો સારા વધારા સાથે બંધ થયા. આજે બીએસઈ સેન્સેક્સ ૬૦૯.૮૬ પોઈન્ટ (૦.૮૩%) ના વધારા સાથે ૭૪,૩૪૦.૦૯ પોઈન્ટ પર બંધ થયો. તેવી જ રીતે એનએસઈ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ ૨૦૭.૪૦ પોઈન્ટ (૦.૯૩%) વધીને ૨૨,૫૪૪.૭૦ પોઈન્ટ પર બંધ થયો. બુધવારે ૭૩,૭૩૦.૨૩ પોઈન્ટ પર બંધ થયેલા સેન્સેક્સે આજે ૭૪,૩૦૮.૩૦ પોઈન્ટની મજબૂત તેજી સાથે વેપાર શરૂ



કર્યો હતો, પરંતુ થોડા સમય પછી બજારમાં અચાનક તીવ્ર ઘટાડો જોવા મળ્યો અને સેન્સેક્સ ૭૩,૪૧૫.૬૮ પોઈન્ટ પર આવી ગયો હતો. બુધવારે પણ બજાર લીલા નિશાન સાથે ટ્રેડિંગ શરૂ કર્યું અને મોટા વધારા સાથે બંધ થયું. સતત ૧૦ દિવસ સુધી ઘટાડા સાથે બંધ રહ્યા પછી બુધવારે બજારે વધારા સાથે કારોબાર પૂર્ણ કર્યો. જે પછી આજે ફરી એકવાર બજારમાં તેજી જોવા મળી અને તે સારા વધારા સાથે બંધ થયું છે. ગુરુવારે સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૨૪ કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં અને ૫ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ રંગમાં બંધ થયા હતા. જ્યારે HDFC બેંકના શેર કોઈ ફેરફાર વિના બંધ થયા. બીજી તરફ નિફ્ટી ૫૦ ની ૫૦ કંપનીઓમાંથી ૩૮ કંપનીઓના શેર વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયા હતા અને બાકીની ૧૨ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ નિશાનમાં બંધ થયા હતા. આજે સેન્સેક્સ કંપનીઓમાં એશિયન પેઈન્ટ્સના શેર સૌથી વધુ ૪.૭૦ ટકાના વધારા સાથે બંધ થયા, જ્યારે ટેક મહિન્દ્રાના શેર સૌથી વધુ ૨.૩૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા. આ ઉપરાંત આજે NTPC ના શેર ૩.૪૧ ટકા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૨.૯૬ ટકા, ટાટા સ્ટીલ ૨.૮૭ ટકા, બજાજ ફિનસર્વ ૨.૩૯ ટકા, હિન્દુસ્તાન યુનિલિવર ૨.૨૨ ટકા, સન ફાર્મા ૨.૦૯ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૦૪ ટકા, એક્સિસ બેંક ૧.૮૫ ટકા, TCS ૧.૪૨ ટકા, ટાઈટન ૧.૩૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૯૫ ટકા, HCL ટેક ૦.૭૫ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૦.૬૬ ટકા વધ્યા હતા.

## હવે તો લાગે છે કે મા ગંગાએ મને દત્તક જ લઈ લીધો છે : વડાપ્રધાન

। (એજન્સી) દેહરાદુન, તા.૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે (૬ માર્ચ) ઉત્તરાખંડના પ્રવાસે છે. અહીં મુખબા ખાતે મા ગંગાની પૂજા કર્યા બાદ તેમણે હર્ષિલમાં એક રેલીને સંબોધિત કરી હતી. આ રેલીમાં તેમણે સૌથી પહેલા ઉત્તરાખંડના માના ગામમાં હિમસ્ખલનના કારણે થયેલા મજૂરોના મોત પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, જે દુર્ઘટના ઘટી છે તેના માટે હું દુઃખ વ્યક્ત કરું છું. અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકો પ્રત્યે મારી સંવેદના છે. વડાપ્રધાન મોદીએ ઉત્તરાખંડ સાથે જોડાયેલી પોતાની જૂની યાદો અને મુલાકાતોને યાદ કરતાં કહ્યું કે, વતર્માનમાં ઉત્તરાખંડનો દાયકો છે. ઉત્તરાખંડમાં કોઈ ઑફ સિઝન ન હોવી જોઈએ. અહીંના સ્થળો પર્યટન માટે રોજ ચાલુ હોવા જોઈએ. વડાપ્રધાને નિવેદન આપ્યું કે, ઉત્તરાખંડની આ દેવભૂમિ આધ્યાત્મિક ઊર્જાથી ભરપૂર છે.

## ઓડિશામાં ભ્રષ્ટ અધિકારીને ત્યાં દરોડામાં મળ્યો ખજાનો

। ભુવનેશ્વર, તા.૬ ।

છેવટે ૨૦૦૦ની નોટોનો વિશાળ જથ્થો મળી આવ્યો છે. હકીકતે ઓડિશામાં એક ભ્રષ્ટ અધિકારીને ત્યાં વિજિલન્સ વિભાગે દરોડા પાડ્યા જેમાં ૨૦૦૦ની નોટો સહિત મોટી માત્રામાં રોકડ રકમ અને સોના-ચાંદીનો ખજાનો મળી આવ્યો છે. અહેવાલ અનુસાર ઓડિશા વિજિલન્સ વિભાગે ગુરુવારે કટક સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (STA) ના ડેપ્યુટી કમિશનર પ્રદીપ કુમાર મોહંતીના ૯ સ્થળોએ અપ્રમાણસર સંપત્તિ (DA) કેસમાં દરોડા પાડ્યા હતા. આ સમયગાળા દરમિયાન, ૨૦૦૦ રૂપિયાની નોટોના બંડલ, સોના-ચાંદીના દાગીના અને મિલકત સંબંધિત દસ્તાવેજો મળી આવ્યા હતા.

### ૮ માર્ચે મહિલાઓના ખાતામાં આવશે ૨૫૦૦ રૂપિયા

## મહિલા દિવસ નિમિત્તે ભાજપ સરકાર આપી શકે છે મોટી ભેટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસર પર ભાજપ સરકાર મહિલાઓને મોટી ભેટ આપી શકે છે. દિલ્હીની ભાજપ સરકારે કહ્યું છે કે મુખ્યમંત્રી રેખા ગુપ્તા ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસર પર મહિલાઓના ખાતામાં ૨૫૦૦ રૂપિયા મોકલવાની યોજના શરૂ કરી શકે છે.

ભાજપે ચૂંટણી પહેલા જ વચન આપ્યું હતું કે દિલ્હીની જરૂરિયાતમંદ મહિલાઓના ખાતામાં ૨૫૦૦ રૂપિયા મોકલવા માટે મહિલા સમૃદ્ધિ યોજના શરૂ કરવામાં આવશે. એવું માનવામાં આવી રહ્યું છે કે આ યોજના મહિલા સન્માન યોજના જેવી જ હશે. જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે આ માટે અરજીની પ્રક્રિયા શું હશે અને કેવી રીતે અરજી કરી શકાશે.

દિલ્હી સરકાર ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા સહાયની રકમ સીધી લાભાથીર્ઓના બેંક ખાતામાં મોકલવાની યોજના બનાવી રહી છે. ૮ માર્ચે રાષ્ટ્રીય રાજધાનીના છત્રસાલ સ્ટેડિયમ ખાતે યોજાનાર કાર્યક્રમ દરમિયાન કેટલાક પાત્ર લાભાથીર્ઓને નાણાકીય સહાય મળી શકે છે.

દિલ્હીની કઈ મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયાનો લાભ મળશે તે અંગે દિલ્હીની ભાજપ સરકારે હજુ સુધી કોઈ માહિતી આપી નથી. જો કે એવો અંદાજ છે કે આ યોજનાના લાભાથીર્ઓ પણ દિલ્હીની અન્ય યોજનાઓની જેમ જ હશે.

### પોલીસની સામે ખાલિસ્તાની સમર્થકોએ તિરંગો ફાડ્યો

## લંડનમાં વિદેશ મંત્રી એસ જયશંકર પર હુમલાનો પ્રયાસ

### વિદેશ મંત્રી જયશંકર ચેથમ હાઉસ પહોંચે તે પહેલાં કેટલાક ખાલિસ્તાની સમર્થકો ત્યાં પહોંચી ગયા હતા, તેમણે દેશ વિરોધી નારેબાજી કરવાની શરૂઆત કરી દીધી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

વિદેશ મંત્રી એસ જયશંકર બ્રિટન અને આયર્લેન્ડની છ દિવસની મુલાકાતે પહોંચ્યા હતા. ત્યારે બુધવારે તેઓ બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમરને પણ મળ્યા. જ્યારે ગુરુવારે લંડનના થિંક ટેન્ક ચેથમ હાઉસ ખાતે 'વિશ્વમાં ભારતનો ઉદય અને ભૂમિકા' વિષય પર વાત કરી હતી.

આ પહેલા એક ચોંકાવનારી ઘટના બની જેની સમગ્ર ભારતમાં ચર્ચા થવા લાગી છે.ઉલ્લેખનીય છે કે વિદેશ મંત્રી જયશંકર ચેથમ હાઉસ પહોંચે તે પહેલાં કેટલાક ખાલિસ્તાની સમર્થકો ત્યાં પહોંચી ગયા હતા. તેમણે દેશ વિરોધી નારેબાજી કરવાની શરૂઆત કરી દીધી હતી. આ દરમિયાન જ્યારે જયશંકર જ્યારે ચેથમ હાઉસથી નીકળી રહ્યા હતા ત્યારે જ તેમના પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.એક અહેવાલ અનુસાર એક વ્યક્તિ જયશંકરની ગાડી સામે આવીને તિરંગાને ફાડવા લાગ્યો હતો. વ્યક્તિની આ હરકત જોયા બાદ સુરક્ષાકર્મીઓએ તેને તાત્કાલિક પકડી



પાડ્યો હતો અને ગાડીથી દૂર લઈ ગયા. જ્યારે એકબાજુ અમુક ખાલિસ્તાની સમર્થકો પોતાના હાથમાં ખાલિસ્તાનનો ઝંડો લઈને નારેબાજી કરવા લાગ્યા હતા. ઉલ્લેખનીય છે કે જ્યારે સ્વતંત્ર નીતિ સંસ્થાન ચેથમ હાઉસમાં કાશ્મીર મુદ્દે વિદેશમંત્રીને સવાલ કરાયો તો તેમણે કહ્યું કે પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર ખાલી કરવાથી કાશ્મીરના મુદ્દાનો ઉકેલ આવી જશે. કાશ્મીરમાં મોટાભાગના મુદ્દાઓને ઉકેલવા અમારી સરકારે સારું કામ કર્યું છે. મને લાગે છે કે કલમ ૩૭૦ હટાવવી એ એક સારું પગલું હતું. હવે પાકિસ્તાન અમને કાશ્મીરનો અમારો હિસ્સો પાછો આપી દે તો હું આશ્વાસન આપું છું કે કાશ્મીરના મુદ્દાનો ઉકેલ આવી જશે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



વિઝન આધુનિક ગુજરાતનું
મિશન ખેતી અને ખેડૂતોના સર્વાંગી વિકાસનું

**કૃષિ ક્ષેત્રે AI થકી DATA મેળવવા નવી યોજના**

AI થકી ખરીફ અને રવિ ઋતુમાં પાકની માહિતી મેળવી તેની Crop Productivity Prediction કરી શકાય તે માટે ડિજિટલ ક્રોપ સરવેની નવી યોજના શરૂ કરવા માટે ₹૪૦ કરોડની જોગવાઈ

**કૃષિ વીજ પુરવઠા માટે ખાસ જોગવાઈ**

ખેડૂતોને વીજ સહાય માટે ₹૧૦,૬૧૩ કરોડની જોગવાઈ

**કૃષિમાં આધુનિકતાને પ્રાધાન્ય**

કૃષિ યાંત્રિકીકરણ હેઠળ ટ્રેક્ટર ખરીદી સહાય માટે ₹૮૦૦ કરોડ અને કૃષિ સંલગ્ન વિવિધ ઓજારોની ખરીદી માટે ₹૫૯૦ કરોડની જોગવાઈ

કૃષિ ક્ષેત્રે અદ્યતન ડ્રોન ટેક્નોલોજી ઉપયોગને પ્રોત્સાહન આપવા અને સીડ રિપ્લેસમેન્ટ રેટમાં વધારો કરવાની યોજના માટે ₹૮૨ કરોડ જોગવાઈ

**આદિજાતિ વિસ્તારના ખેડૂતો માટે સહાય**

રાજ્યના ૫૩ તાલુકાના આદિજાતિ ખેડૂતોની સહાયતા માટે કૃષિ સુવિધા રથ શરૂ કરાશે. જેના માટે ₹૧૯ કરોડની જોગવાઈ

**ફૂડ પાર્કનું નિર્માણ**

રાજ્યમાં કચ્છ, અમદાવાદ, જૂનાગઢ, વડોદરા, હાલોલ એમ પાંચ જિલ્લાઓમાં મેગા ફૂડ પાર્કનું નિર્માણ

**મૂલ્યવર્ધન સાથે એક્સપોર્ટ ફેસિલિટી**

કૃષિ ઉત્પાદનનું મૂલ્યવર્ધન કરી ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવા એગ્રો પ્રોસેસિંગ એન્ડ એક્સપોર્ટ પ્રમોશન માટે ₹૧૦૦ કરોડની જોગવાઈ

**પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન**

પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે ₹૩૧૭ કરોડ અને નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ માટે ₹૯૦ કરોડની જોગવાઈ

**કિસાન ક્રેડિટ કાર્ડની સહાયમાં વધારો**

કેન્દ્રિય બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા ₹૩ લાખથી વધારી ₹૫ લાખ કરવામાં આવેલ છે જેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા ૪% વ્યાજ રાહત આપવા માટે ₹૧,૨૫૨ કરોડની જોગવાઈ




કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ₹૨૨,૪૯૮ કરોડની જોગવાઈ

# આંતરરાષ્ટ્રીય મહિલા દિન વિશેષ: આત્મનિર્ભરતાથી આત્મસન્માન- લખપતિ દીદી વંદના

। (માહિતી) ગાંધીનગર, તા.૬ ।

ભારત સરકારશ્રી દ્વારા મહિલાઓના સશક્તિકરણ કરવાની મહત્વાકાંક્ષી પહેલથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૫ ઓગષ્ટ -૨૦૨૩ના રોજ લખપતિ દીદી યોજના શરૂ કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા અને ઉદ્યોગ સાહસિકતા દ્વારા સશક્તિકરણ કરવાનો છે. નવસારી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન સખી બહેનોની મહેનત અને સમર્પણને સન્માન નિમિત્તે રાષ્ટ્રીયકક્ષાનો લખપતિ દીદી સન્માન સમારોહ યોજાનાર છે. ત્યારે ચાલો આપણે જાણીએ લખપતિ દીદી છે કોણ?

લખપતિ દીદીએ સ્વસહાય જુથની મહિલા સભ્યો છે, 'લખપતિ દીદી' એટલે એવી મહિલા કે જેની



વાર્ષિક આવક ઓછામાં ઓછી રૂ.૧,૦૦,૦૦૦ (એક લાખ) હોય જે પોતાની જરૂરિયાતો માટે પરિવારના અન્ય સભ્યો પર નિર્ભર ન હોય* આ મહિલાઓ તેમના આવકના ઉપલબ્ધ સ્ત્રોતોનો ઉપયોગ કરી જુદા જુદા સ્ત્રોત જેમકે, ખેતી, પશુપાલન વિગેરે સાથે જોડાઈ ટકાઉ આજીવિકા મેળવી માત્ર આવક જ નહી, પરંતુ પ્રેરણાદાયી સફર દ્વારા સમાજ માટે પ્રેરણારૂપ બની છે.

સરકારશ્રી હાલ ''લખપતિ દીદી'' યોજના જેવી પહેલને સક્રિયપણે સંપૂર્ણ સમર્થન આપી રહી છે. આ પહેલમાં તમામ સરકારી વિભાગો/મંત્રાલયો, ખાનગી ક્ષેત્ર અને નાણાંકીય સંસ્થાઓમાં યોગ્ય રીતે સંકલન કરી જુદા જુદા પ્રકારની આજીવિકા પ્રવૃત્તિઓની સુવિધા પુરી પાડવા માઈક્રો પ્લાનિંગ કરી, તેના પર અમલીકરણ થાય તે મુજબનું આયોજન, અમલીકરણ અને દેખરેખ કરવામાં આવી રહેલ છે.

**નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં ૮૨ હજારથી વધુ લખપતી દીદીઓ**

નવસારી અને વલસાડ-ડાંગ સંસદીય મતવિસ્તારમાં દક્ષિણ ગુજરાતના ૩ આદિજાતી જિલ્લાઓ દ્વારા નાણાંકીય વર્ષઃ ૨૦૨૪-૨૫માં ૮૨ હજારથી વધુ SHG સભ્યોને/મહિલાઓને લખપતિ દીદી બનાવવાની પ્રયત્નશીલ રહ્યા છે.

નવસારી જિલ્લામાં ૪૧,૦૭૭ લખપતિ દીદીઓ છે. જ્યારે વલસાડ જિલ્લામાં ૨૮,૧૮૪ લખપતિ દીદીઓ અને ડાંગ જિલ્લામાં ૧૩,૫૭૨ આમ ત્રણે જિલ્લા મળી કુલ- ૮૨,૮૩૩ લખપતિ દીદીઓ આપણા દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં છે. આ દીદીઓ પશુપાલન, ખેતી (પ્રકૃતિક ખેતી સહિત), નર્સરી, ઉત્પાદન અને માર્કેટિંગ, સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો વગેરે સહિત વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલ છે. આ જુથના સભ્યોની કુલ આવકમાં રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા અમલી વિવિધ યોજનાઓ હેઠળ મળેલ લાભનો પણ સમાવેશ થાય છે.

## બાઈક ચાલકને બસ ચાલકે કચડી નાખતા ગયો જીવ

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

જિલ્લા પોલીસની નિષ્ફળતા માનો કે વાહનચાલકોની બેદરકારી પરંતુ અમદાવાદ શહેર કરતાં અમદાવાદ જિલ્લામાં હીટ એન્ડ રનની ઘટનાઓ અનેક ગણી વધારે છે સાથે માનવમોત પણ વધી રહ્યું છે. ત્યારે અમદાવાદ શહેરમાં આજે સવારે વિજય ચાર રસ્તા પાસે હિટ એન્ડ રનની ઘટના બનવા પામી છે. વિજય ચાર રસ્તા પાસે એક ટ્રાવેલ્સ બસ દ્વારા બાઈક ચાલકને અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અમદાવાદ શહેરમાં આજે વહેલી સવારે વિજય ચાર રસ્તા પાસે બાઈક ચાલકને બસના ચાલકે કચડી નાખ્યાના સમાચાર સામે આવ્યા છે. ગુરૂવારે (૬ માર્ચ) જય અંબે ટ્રાવેલ્સ બસ ખાનગી કંપનીના સ્ટાફને લેવા-મૂકવા જતી હતી, આ દરમિયાન બાઈક ચાલક રામચંદ્ર રાયને બસ ચાલકે અડફેટે લીધો હતો. હવે આ ઘટનાના CCTV સામે આવ્યા છે.

## રાજકોટમાં ભાજપના મહિલા કોર્પોરેટરને ગોળી વાગી

। (એજન્સી) રાજકોટ, તા.૬ ।

રાજકોટમાંથી એક ચોંકાવનારી ઘટના તાજેતરમાં સામે આવી છે. જ્યાં ભાજપના મહિલા કોર્પોરેટરના પગમાં ગોળી વાગી ગઈ છે. જો કે આ ઘટના અકસ્માતે થઈ હોવાનું કહેવાય છે. ભાજપના કોર્પોરેટર અનિતાબેન ગોસ્વામીને અકસ્માતે પગમાં ગોળી વાગી છે. કબાટમાંથી ઘરેણાં કાઢતી વખતે બંદૂક નીચે પડતા અચાનક ફાયરિંગ થયું અને પગમાં ગોળી વાગી ગઈ, આ ઘટના બાદ તાત્કાલિક તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.રાજકોટ ભાજપના મહિલા કોર્પોરેટર અનિતાબેન ગોસ્વામીને અકસ્માતે ગોળી વાગતા દોડધામ મચી ગઈ હતી.

### રિલ્સ બનાવવાના ચક્કરમાં ગાડી કેનાલમાં ખાબકી

# ૩ યુવકો સાથે સ્કોર્પિયો ગાડી ફતેહવાડી કેનાલમાં ખાબકી

### ગોઝારી ઘટનામાં ત્રણેય યુવકો ગુમ છે, તેમનો પત્તો લાગ્યો નથી : ફાયર વિભાગ દ્વારા આ યુવકોની શોધખોળ

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

સોશિયલ મીડિયા પર ફેમસ થવાનું આજકાલ લગભગ મોટા ભાગના લોકોને ભૂત વળગ્યું છે. જેના કારણે ઘણી વાર એવું હરકતો કરી બેસતા હોય છે કે જીવ ખોવાનો પણ વારો આવે છે. ત્યારે વધુ એક કિસ્સો અમદાવાદના સરખેજ વિસ્તારમાંથી આવો જ બનાવ સામે આવ્યો છે. જ્યાં રિલ્સ બનાવવાના ચક્કરમાં કાર કેનાલમાં ખાબકી હતી. બનાવ એવો બન્યો છે કે, અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલી ફતેહવાડી કેનાલમાં ૩ યુવકો સ્કોર્પિયો ગાડી સાથે ખાબક્યા હતા. આ ગોઝારી ઘટનામાં ત્રણેય યુવકો ગુમ છે, તેમનો



પત્તો લાગ્યો નથી. ફાયર વિભાગ દ્વારા આ યુવકોની શોધખોળ ચાલી રહી છે. આ ઘટના બુધવારે સાંજના સમયે બની હતી. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, અમદાવાદની ફતેહવાડી કેનાલ વિસ્તારમાં વાસણાના ૩ યુવકો સાંજના સમયે ભાડેથી સ્કોર્પિયો કાર લઈને પહોંચ્યા હતા. સોશિયલ મીડિયા પર રિલ્સ બનાવવા માટે આ ત્રણેય યુવકો આવ્યા હતા. આ દરમ્યાન તેમની કાર અચાનક કેનાલમાં ખાબકી. આ દુર્ઘટનામાં ત્રણેય યુવકો કેનાલમાં ડૂબ્યા હતા. આ ગોઝારી ઘટનાના સીસીટીવી ફુટેજ પણ સામે આવ્યા છે. સ્થાનિક લોકો દ્વારા ફાયર વિભાગ અને પોલીસને જાણ કરાતા ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને યુવકોની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ ઘટનામાં મોડી રાત સુધી ગુમ થયેલા યુવકોની ભાળ મળી નહોતી. ફાયર વિભાગની ટીમ આ ત્રણેય યુવકોને શોધવા માટે કામે લાગી છે. ફાયર વિભાગે એક ટીમ બનાવીને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું છે.

### ૫૦ હજાર કિલોથી વધુ મગફળી ખાખ

# થાનમાં મગફળીના ગોદામમાં ભીષણ આગ લાગતા ચકચાર

### ટેકાના ભાવે ખરીદેલી મગફળી ગોડાઉનમાં સંગ્રહિત કરવામાં આવી હતી, જેમાં અચાનક આગ ભભૂકી ઉઠી

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૬ ।

સુરેન્દ્રનગર જિલ્લાના થાનમાં મગફળીના ગોદામમાં ભીષણ આગ લાગી હતી. માહિતી મુજબ ટેકાના ભાવે મગફળીની ખરીદી કરીને હ્લઝ્રૈંના વેરહાઉસમાં રાખવામાં આવી હતી. આ આગમાં ૫૦,૦૦૦ કિલોથી વધુ મગફળી બળીને રાખ થઈ ગઈ હતી. જેમાં કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

થાનગઢ અને ચોટીલાની ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આ વિકરાળ આગ બુઝાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લાના થાન ગામમાં આવેલા સરકારી ગોડાઉનમાં ભીષણ આગ



ફાટી નીકળવાની ઘટના સામે આવી છે. ટેકાના ભાવે ખરીદેલી મગફળી ગોડાઉનમાં સંગ્રહિત કરવામાં આવી હતી, જેમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી.

આગની આ ઘટના બાદ લોકોના ટોળા ઘટના સ્થળે પહોંચી ગયા છે. વિકરાળ આગને રોકવા માટે જેસીબીની મદદથી ગોડાઉનની દિવાલ અને બે શટરો તોડી આગ બુઝાવવાની કાયર્વાહી હાથ ધરાઈ હતી. સતત બે કલાક સુધીની જહેમત બાદ મહદઅંશે આગને કાબૂમાં લેવામાં સફળતા મળી હતી. સદનસીબે, સવારનો સમય હોવાને કારણે ગોડાઉનમાં કોઈ મજૂર કે કમર્ચારી હાજર નહોતાં, જેથી કોઈ જાનહાનિ થઈ નથી. મામલતદાર સહિતના અધિકારીઓની ટીમે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. આ સરકારી ગોડાઉનમાં કુલ કેટલો જથ્થો હતો અને કેટલાનું નુકસાન છે, એ તો ગોડાઉન મેનેજર આવ્યા પછી જ ખબર પડી શકે છે.

## ગોધરામાંથી વડોદરામાં કતલના ઇરાદે લઈ જવાતા ૧૮ પશુને બચાવી લેવાયા

। (એજન્સી) વડોદરા, તા.૬ ।

ગોધરામાંથી પશુઓ ભરીને કતલના ઈરાદે લઈ જતા ટેમ્પાને વડોદરા શહેર નજીક ગોલ્ડન ચોકડી પાસેથી પાસેથી પ્રાણી ક્રુર્તા નિવારણ સંસ્થાના કાર્યકર તથા પોલીસે ઝડપી પાડ્યો હતો. ટેમ્પા માટે ૧૮ જેટલા પશુઓને બચાવીને પાંજરાપોળ ખાતે મોકલી અપાયા હતા. પોલીસે પશુઓ અને ટેમ્પો મળી ૧૧.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કરવા સાથે ટેમ્પો ચાલકની ધરપકડ કરી પશુ મોકલનારને વોન્ટેડ જાહેર કર્યો છે. વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા પુષ્પક ડુપ્લેક્ષમાં રહેતા નેહાબેન દ્વારકેશ પટેલે ફરીયાદ ફરિયાદ નોંધાવી છે કે પ્રાણી ક્રુરતા નિવારણ સંસ્થામા મંત્રી તરીકે તેમજ પ્રાણીન ફાઉડેશન ફાઉન્ડર તરીકે સેવા આપુ છું. જીવદયામાં કામ કરતા સતિષભાઈ સનાભાઈ પરમાર તથા રાજુભાઈ પેશાભાઈ ભરવાડ સાથે સવારના મારી ગાડી લઈને ગોલ્ડન ચોકડીથી હાલોલ તરફ જઈ રહ્યા હતા. ત્યારે ગોલ્ડન ટોલનાકા પહેલા પસાર થતા હતા ત્યારે હાલોલ રોડથી ગોલ્ડન ટોલનાકા ઉપર એક આઈસર ટ્રક ઉભો હતો. તે દરમ્યાન મને આ આઈસર ટ્રક શંકા જતા ઉભો રાખી તેના ચાલકને પુછપરછ કરતા તેમા પશુઓ ભરેલા હોવાનું જણાવ્યું હતું. જેથી મેં કંટ્રોલમાં ફોન કરીને પોલીસ બોલાવતા પોલીસ દોડી આવી હતી અને આઈસર ટેમ્પોમાંથી ડ્રાઈવર નીચે ઉતારીને ટેમ્પામાં પશુઓ ભરેલા હતા. પોલીસે ડ્રાઈવર અલ્તાફ અબ્દુલરહિમ ધનત્યા (રહે. સાતપુલ વિસ્તાર વેજલપુર રોડ ગોધરા જી.પંચમહાલ) ની ધરપકડ કરી હતી. જ્યારે પશુ ભરાવનારનું નામ ઈકબાલ મોહમંદ ભૌયુને વોન્ટેડ જાહેર કર્યુ છે.

### હોળી દરમ્યાન રોડને નુકસાન ન થાય તે માટે બનાવ્યો નિયમ

# અ.મ્યુ.કો.ના નિયમાનુસાર, દરેક વોર્ડ અને ઝોન દ્વારા સોસાયટીને ઈંટ અને રેતી આપવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

હોળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે આ વખતે સોસાયટીની બહાર તેમજ રોડ પર હોળી પ્રગટાવનાર માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હકીકતમાં, રોડ પર હોલિકા દહનના કારણે રોડને નુકસાન પહોંચે છે. તેથી રોડ પર હોળી પ્રગટાવતા પહેલાં અમુક વાતોનું ધ્યાન રાખવું પડશે. આ મુદ્દે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું કે, હોળીના તહેવાર દરમિયાન શહેરમાં ઠેર-ઠેર હોળી પ્રગટાવવામાં આવતી હોય છે. જેમાં લોકો રોડ ઉપર લાકડાં-છાણા વગેરે ગોઠવી હોળી પ્રગટાવતા હોય છે. જેની પ્રચંડ ગરમીથી રોડનો ડામર પીગળી જતો હોય છે અને તેના કારણે રોડ ઉપર ખાડા પડી જતા હોય છે અને નાગરિકોને અસુવિધાનો સામનો કરવો પડે છે. આ સમસ્યાના નિવારણ માટે કોર્પોરેશને વર્ષો પહેલાં હોળી પ્રગટાવતા પહેલાં રોડ ઉપર રેતી પાથરવાનો પ્રયોગ શરુ કરાવ્યો હતો. જેનાથી આગળ વધીને નાગરિકોએ ઈંટો અને રેતી બંને વાપરવાનો નિર્ણય લીધો છે. અ.મ્યુ.કો.ના નિયમાનુસાર, દરેક વોર્ડ અને ઝોન દ્વારા સોસાયટીને ઈંટ અને રેતી આપવામાં આવશે. હોળી પ્રગટાવતા પહેલાં રોડ ઉપર આ ઈંટ અને રેતી પાથરવાની રહેશે. આ પ્રકારે હોલિકા દહનથી રોડને થતું નુકસાન અટકાવી શકાય છે. નોંધનીય છે કે, આ રેતી અને ઈંટ કોર્પોરેશન દ્વારા મફતમાં પૂરા પાડવામાં આવશે. જે પ્રમાણે સોસાયટી દ્વારા માંગ કરવામાં આવશે તે પ્રમાણે તેમને રેતી-ઈંટોનો જથ્થો પૂરો પાડવામાં આવશે. જેના માટે સોસાયટી તરફથી કોર્પોરેટરો અથવા વોર્ડ ઑફિસમાં અરજી કરવાની રહેશે. બાદમાં તેમને વિનામૂલ્યે રેતી અને ઈંટ આપવામાં આવશે. આ સિવાય પર્યાવરણની જાળવણી માટે નાગરિકો હોળી પ્રગટાવવા માટે લાકડાનો ઉપયોગ ઘટે તે હેતુથી કોર્પોરેશન સંચાલિત ઢોરવાડા પૈકી દાણીલીમડા સ્થિત કરુણામંદિર ખાતે ગાયોના છાણમાંથી છાણા અને સ્ટીક સહિતની જુદી-જુદી ચીજવસ્તુઓ બનાવવામાં આવી રહી છે.

જે કોઈ નાગરિકો પર હોળી પ્રગટાવવા માટે છાણા અને સ્ટીકનો ઉપયોગ કરવા માંગતા હોય તેમને કરુણા મંદિર ખાતેથી લઈ જવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.

## એક શખ્સ ૧.૩૫૮ કિલો એમ્બરગ્રીસ સાથે ઝડપાયો

। (એજન્સી) મહુવા, તા.૬ ।

ગુજરાતના ભાવનગરમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા તળાજા પોલીસ સ્ટેશનની હદમાંખથી એક શખસની ૧.૩૫૮ કિલો એમ્બરગ્રીસ (વ્હેલ માછલીની ઊલ્ટી) સાથે ઝડપી લેવાયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ દુર્લભ પદાર્થની કિંમત ૧.૩૫ કરોડથી વધુ છે અને તેના ગેરકાયદે વેપાર સાથે સંકળાયેલા નેટવર્ક અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. LCB દ્વારા સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તેમજ પકડાયેલા એમ્બરગ્રીસની પ્રામાણિકતા માટે ફોરેન્સિક તપાસમાં મોલકવામાં આવ્યું છે. જેનાથી જાણ થશે કે, આ એમ્બરગ્રીસ વ્હેલ માછલીનું છે કે નહીં? આ સિવાય આ પદાર્થ ક્યાંથી લવાયો અને કોને આપવાનો હતો તેમજ આ વેપારમાં કેટલાં લોકો સંડોવાયેલા છે તેની તપાસ હાથ ધરવામાં આવશે. આ મામલે તપાસ બાદ હજુ અન્ય લોકોની ધરપકડ થવાની સંભાવના છે. હાલ, પોલીસ સમગ્ર મામલે આરોપીની પૂછપરછ કરી રહી છે.

**વિશેષ** | આંતરરાષ્ટ્રીય મહિલા દિન વિશેષ: આત્મનિર્ભરતાથી આત્મસન્માન- લખપતિ દીદી વંદના

# દક્ષિણ ગુજરાતના ત્રણ આદિજાતી જિલ્લાઓ નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લા તંત્ર ૮૨ હજારથી વધુ સ્વસહાયની મહિલાઓને લખપતિ દીદી બનાવવામાં પ્રયત્નશીલ રહ્યા છે

। (માહિતી) નવસારી ।

નવસારી જિલ્લામાં ૧૧૫૩૨ સ્વસહાય જૂથોમાં ૧,૧૬,૧૮૩ મહિલાઓ જોડાયેલા છે. ભારત સરકારશ્રી દ્વારા મહિલાઓના સશક્તિકરણ કરવાની મહત્વાકાંક્ષી પહેલથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૫ ઓગષ્ટ -૨૦૨૩ના રોજ લખપતિ દીદી યોજના શરૂ કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા અને ઉદ્યોગ સાહસિકતા દ્વારા સશક્તિકરણ કરવાનો છે. નવસારી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન સખી બહેનોની મહેનત અને સમર્પણને સન્માન નિમિત્તે રાષ્ટ્રીયકક્ષાનો લખપતિ દીદી સન્માન સમારોહ યોજાનાર છે. ત્યારે ચાલો આપણે જાણીએ લખપતિ દીદી છે કોણ? લખપતિ દીદીએ સ્વસહાય જુથની મહિલા સભ્યો છે, 'લખપતિ દીદી' એટલે એવી મહિલા કે જેની વાર્ષિક આવક ઓછામાં ઓછી રૂ.૧,૦૦,૦૦૦ (એક લાખ) હોય જે પોતાની જરૂરિયાતો માટે પરિવારના અન્ય સભ્યો પર નિર્ભર ન હોય* આ મહિલાઓ તેમના આવકના ઉપલબ્ધ સ્ત્રોતોનો ઉપયોગ કરી જુદા જુદા સ્ત્રોત જેમકે, ખેતી, પશુપાલન વિગેરે સાથે જોડાઈ ટકાઉ આજીવિકા મેળવી માત્ર આવક જ નહી, પરંતુ પ્રેરણાદાયી સફર દ્વારા સમાજ માટે પ્રેરણારૂપ બની છે. સરકારશ્રી હાલ ''લખપતિ દીદી'' યોજના જેવી પહેલને સક્રિયપણે સંપૂર્ણ સમર્થન આપી રહી છે. આ પહેલમાં તમામ સરકારી વિભાગો/મંત્રાલયો, ખાનગી ક્ષેત્ર અને નાણાંકીય સંસ્થાઓમાં યોગ્ય રીતે સંકલન કરી જુદા જુદા પ્રકારની આજીવિકા પ્રવૃત્તિઓની સુવિધા પુરી પાડવા માઈક્રો પ્લાનિંગ કરી, તેના પર અમલીકરણ થાય તે મુજબનું આયોજન, અમલીકરણ અને દેખરેખ કરવામાં આવી રહેલ છે. નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં ૮૨ હજારથી વધુ લખપતી દીદીઓ - નવસારી અને વલસાડ-ડાંગ સંસદીય મતવિસ્તારમાં દક્ષિણ ગુજરાતના ૩ આદિજાતી જિલ્લાઓ દ્વારા નાણાંકીય વર્ષઃ ૨૦૨૪-૨૫માં ૮૨ હજારથી વધુ જીૐય્ સભ્યોને/મહિલાઓને લખપતિ દીદી બનાવવાની પ્રયત્નશીલ રહ્યા છે. નવસારી જિલ્લામાં ૪૧,૦૭૭ લખપતિ દીદીઓ છે. જ્યારે વલસાડ જિલ્લામાં ૨૮,૧૮૪ લખપતિ દીદીઓ અને ડાંગ જિલ્લામાં ૧૩,૫૭૨ આમ ત્રણે જિલ્લા મળી કુલ- ૮૨,૮૩૩ લખપતિ દીદીઓ



આપણા દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં છે. આ દીદીઓ પશુપાલન, ખેતી (પ્રકૃતિક ખેતી સહિત), નર્સરી, ઉત્પાદન અને માર્કેટિંગ, સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો વગેરે સહિત વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલ છે. આ જુથના સભ્યોની કુલ આવકમાં રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા અમલી વિવિધ યોજનાઓ હેઠળ મળેલ લાભનો પણ સમાવેશ થાય છે.

નવસારી જિલ્લામાં ૧૧૫૩૨ સ્વસહાય જૂથોમાં ૧,૧૬,૧૮૩ પરિવારો જોડાયેલા છેઃ પરિવારને મળે છે આજીવિકાનો આધાર રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત નવસારી જિલ્લામાં ૧૧૫૩૨ સ્વસહાય જૂથોની રચના કરી ૧,૧૬,૧૮૩ પરિવારોને જોડવામાં આવ્યાં છે. ૪૭૭ ગ્રામસંગઠન અને ૨૪ કલસ્ટર લેવલ ફેડરેશનની રચના કરવામાં આવી છે. ૧૦,૧૬૯ સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડ પેટે રૂ. ૯૯૯.૧૩ લાખ, ૩૧૪ ગ્રામ સંગઠનને ૨૬૪૪.૫૦/- લાખ કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ અને આ વર્ષે ૧૧૫૨૩ સ્વસહાય જૂથોને બેંક લોન પેટે રૂ.૫૧૯.૦૦ લાખ આપવામાં આવ્યા છે.

લખપતિ દીદી કોણ? - 'લખપતિ દીદી' એટલે એવી મહિલા કે જેની વાર્ષિક આવક ઓછામાં ઓછી રૂ.૧,૦૦,૦૦૦ (એક લાખ) હોય જે પોતાની જરૂરિયાતો માટે પરિવારના અન્ય સભ્યો પર નિર્ભર ન હોય "લખપતિ દીદી" એટલે એવી મહિલા કે જેની વાર્ષિક આવક ઓછામાં ઓછી રૂ.૧,૦૦,૦૦૦ (એક લાખ) (દર મહિને આશરે રૂ.૮,૩૦૦) હોય અને પોતાની જરૂરિયાતો માટે પરિવારના અન્ય સભ્યો પર નિર્ભર ન હોય. આ યોજના માત્ર આર્થિક સ્વતંત્રતા પર જ નહીં, પરંતુ સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં મહિલાઓની સક્રિય ભાગીદારી પર ભાર મૂકે છે. લખપતિ દીદી યોજનાના ફાયદાઃ ● મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવીને તેમના જીવનધોરણમાં સુધારો કરવો. ● નવા કૌશલ્યો શીખીને મહિલાઓ રોજગારીની વધુ તકો મેળવી શકે છે. ● સ્વરોજગાર શરૂ કરવા માંગતી મહિલાઓને નાણાકીય અને તાલીમ સહાય મળે છે. ● મહિલાઓને સમાજના વિકાસમાં સક્રિય ભૂમિકા ભજવવા માટે પ્રોત્સાહિત કરવા. લખપતિ દીદી યોજનાના ઘટકોઃ લોનમાં વ્યાજ સહાયઃ યોગ્યતા ધરાવતી મહિલાઓને રૂ.૫ લાખ સુધીની લોનમાં ૭% સુધી વ્યાજ સહાય આપવામાં આવે છે. આ લોનનો ઉપયોગ સ્વરોજગાર શરૂ કરવા, વ્યવસાયને વિસ્તારવા અથવા કૌશલ્ય વિકાસ માટે કરી શકાય છે. રોજગારલક્ષી તાલીમઃ મહિલાઓને રોજગારીની તકો વધારવા માટે વિવિધ ક્ષેત્રોમાં મફત તાલીમ આપવામાં આવે છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ *For All Women and Girls : Rights, Equality, Empowerment/"બધી મહિલાઓ અને છોકરીઓ માટેઃ અધિકારો, સમાનતા, સશક્તિકરણ" છે. લખપતિ દીદી યોજના મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવાના આ ત્રણેય પાસાઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરે છે. લખપતિ દીદી જેવી અનેક મહિલાલક્ષી યોજનાઓના કરણે આજે લાખો બહેનો આર્થીક રીતે સધ્ધર બની છે ત્યારે આજે નવસારી જિલ્લાના વાસીબોરસી ખાતે યોજાનાર કાર્યક્રમોમાં ઉપસ્થિત તમામ 'લખપતી દીદીઓ' સરકારશ્રી અને વડાપ્રધાનશ્રીનો દિલથી આભાર વ્યક્ત કરશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ટ્રમ્પના ટેરિફ ટાર્ગેટથી ભારતને સાત અબજ ડોલરનું નુકસાન

## કેનેડાએ ટ્રમ્પની ટેરિફ વોર સામે WTOમાં ફરિયાદ કરી, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજી એપ્રિલથી ભારતીય માલ-સામાન પર ટેરિફ વધારવાનું એલાન કર્યું



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કોંગ્રેસના સંયુક્ત સત્રમાં પ્રથમ વક્તવ્ય દરમિયાન પોતાની આકરી ટેરિફ નીતિનો બચાવ કર્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે, ભારત સહિત વિશ્વના અનેક દેશો અમેરિકાની વસ્તુઓ પર ઊંચા ટેરિફ વસૂલે છે. અમેરિકા હવે જેવા સાથે તેવાની નીતિ અપનાવશે અને સમાન ટેરિફ દરની જોગવાઈમાં ભારતને રાહત અપાશે નહીં. બીજી એપ્રિલથી ભારતને ટેરિફ ટાર્ગેટ બનાવવાના ટ્રમ્પના નિર્ણયથી ઓટોથી માંડી એગ્રીકલ્ચર સુધીના નિકાસ ક્ષેત્રોમાં ગભરાટ ફેલાયો છે. સિટી રિસર્ચના એનાલિસીસ મુજબ, અમેરિકાના આ પગલાથી ભારતને ૭ અબજ ડોલરનું વાર્ષિક નુકસાન થઈ શકે છે. 'અમેરિકા ફર્સ્ટ'ના એજન્ડાનું વારંવાર રટણ કરી રહેલા ટ્રમ્પે દાવો કર્યો હતો કે, યુરોપીય રાષ્ટ્રો, ચીન, બ્રાઝિલ, ભારત, મેક્સિકો, કેનેડા સહિત અસંખ્ય દેશો આપણા કરતાં વધારે ટેરિફ વસૂલે છે. અન્ય દેશો દાયકાઓથી અમેરિકા પાસેથી ઊંચા ટેરિફ વસૂલે છે અને તે અન્યાય છે. ભારત ૧૦૦ ટકાથી વધારે ઊંચા ઓટો ટેરિફ વસૂલે છે. આ પદ્ધતિ અમેરિકા માટે નુકસાનકારક છે અને તેથી ૨ એપ્રિલથી સમાન ટેરિફનો અમલ થશે. કેનેડા, મેક્સિકો અને ચીન પર ટેરિફ વધારા ઉપરાંત અમેરિકાએ સ્ટીલ અને એલ્યુમિનિયમ પર પણ ટેરિફ લાગુ કરી દીધી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન ઓટોમેકર્સને મેક્સિકો અને કેનેડાથી થતી આયાત પરની ટેરિફ પર એક મહિનાની રાહત આપી છે.ટ્મ્પ તંત્રના આ નિર્ણયને વૈશ્વિક વ્યાપાર માટે નુકસાનકારક ગણાવીને કેનેડાએ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાં ફરિયાદ કરી છે. અમેરિકા મનસ્વી રીતે ટેરિફ વસૂલતું હોવાનો દાવો કરી ટેરિફ વધારો પરત ખેંચાવવા માગણી કરી છે. ટ્રમ્પના ટેરિફ ટાર્ગેટમાંથી અત્યાર સુધી ભારત બચતું આવ્યું છે, પરંતુ આ લટકતી તલવાર હવે વિંઝાવાની તૈયારીમાં છે. બીજી એપ્રિલથી ટ્રમ્પે ભારત સહિતના અન્ય દેશો પર સમાન ટેરિફ વસૂલવાનું એલાન કર્યું છે.બ્લૂમબર્ગ ઈકોમોનોમિસ્ટ માએવા કઝિન અને ડ્યૂશ બેન્કના જ્યોર્જ સારાવેલોસનું માનવું છે કે, ભારત અને અમેરિકાના ટેરિફ દર વચ્ચે મોટું અંતર છે અને તેથી વળતો જવાબ મળવાનું નક્કી હતું. અમેરિકાના સામાન પર ભારત ૧૦ ટકા વધારે ટેક્સ વસૂલે છે. મોર્ગન સ્ટેનલીના રિપોર્ટ મુજબ, અમેરિકા સમાન કરને લાગુ કરે તો ભારત અને થાઈલેન્ડને ૪થી ૬ ટકા જેટલો ટેરિફ વધારો ભોગવવો પડશે. સિટી રિસર્ચના અનુમાન મુજબ, ટ્રમ્પના આ પગલાની અસર ભારતના ઓટોથી માંડી એગ્રીકલ્ચર સુધીના ક્ષેત્રો પર પડશે.ભારતમાંથી કેમિકલ, મેટલ પ્રોડક્ટ્સ અને જ્વેલરીની સૌથી વધુ નિકાસ થાય છે. ત્યારબાદ ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ અને ફૂડપ્રોડક્ટ્સ આવે છે. ૨૦૨૪માં ભારતે અમેરિકામાં ૭૪ અબજ ડોલરની નિકાસ કરી હતી. તેમાં ૮.૫ અબજ ડોલરના જ્વેલરી-જેમ્સ, ૮ અબજ ડોલરની દવાઓ અને ૪ અબજ ડોલરના પેટ્રોકેમિકલ્સ હતા. ભારતે ૨૦૨૩માં એકંદરે ૧૧ ટકા ટેરિફ વસૂલી હતી, જે અમેરિકાએ ભારતીય નિકાસ પર લાદેલા ટેક્સની સરખાણીએ ૮.૨ ટકા વધારે ઊંચી હતી.

ન્યૂઝ બ્રિફ

### શરીરનું કદ નહીં પરંતુ માનસિક મજબૂતી મહત્વની : સુનીલ ગાવસ્કર



। (એજન્સી) દુબઈ તા.૬ ।

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્માના શરીરના કદ અંગે તાજેતરમાં થયેલી આકરી ટીકાનો ભારતના મહાન ક્રિકેટર સુનીલ ગાવસ્કરે વળતો પ્રહાર કરીને જવાબ આપ્યો છે. ગાવસ્કરે મંગળવારે જણાવ્યું હતું કે પાતળી વ્યક્તિ મોડેલિંગ માટે જરૂરી છે પરંતુ ક્રિકેટની રમત માટે માનસિક તાકાત મહત્વની છે નહીં કે શારિરીક મજબૂતી અથવા તો શરીરનું કદ જરૂરી હોય છે.ચેમ્પિયન્સ ટ્રોફી ચાલી રહી છે ત્યારે જ વિવિધ રાજકારણીઓએ ભારતીય ટીમના કેપ્ટન પર આ પ્રકારની બિનજરૂરી કોમેન્ટ કરી છે. આ અંગે જવાબ આપવાની સાથે સાથે ગાવસ્કરે મુંબઈના ક્રિકેટર અને હાલમાં ભારતીય ટેસ્ટ ટીમમાં રમી રહેલા સરફરાઝ ખાનનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે તેના શરીરનું કદ પણ મોટું છે પરંતુ તેની અસર તેની રમત પર કે બેટિંગ પર પડી નથી. ગાવસ્કરે ઉમેર્યું હતું કે જો તમે પાતળો બાંધો ઈચ્છતા હો તો તમારે મોડેલિંગના ક્ષેત્રમાં જવું જોઈએ અને ત્યાંથી તમામ મોડેલની પસંદગી કરી લો પરંતુ આ ક્રિકેટ છે અહીં માનસિક મજબૂતી અગત્યની હોય છે.તમે ક્રિકેટ કેટલું સારી રીતે રમી શકો છો તેની ઉપર આધાર છે. આપણે સરફરાઝ ખાનની વાત કરીએ તો તે લાંબા સમય સુધી આ અંગે પરેશાન હતો પરંતુ તેણે ભારત માટે ટેસ્ટ મેચમાં ૧૫૦+નો સ્કોર કર્યો અને ત્યાર બાદ બે-ત્રણ અડધી સદી પણ ફટકારી હતી.

### ગ્રીન કાર્ડને મંજૂરી પૂર્વે સોશિયલ મીડિયાની તપાસ કરવામાં આવશે



। (એજન્સી) મુંબઈ, તા.૬ ।

અમેરિકામાં ગ્રીન કાર્ડ માટેની અરજીને મંજૂર કરતા પહેલા અરજદારના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની તપાસ થઈ શકે છે. ધ યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસ (USCIS) દ્વારા નવી ભલામણ કરવામાં આવી છે, જેમાં અરજદારને અમેરિકામાં પ્રવેશ આપતાં પહેલાં વધારે તકેદારી રાખવાની જોગવાઈ છે. USCISના નોટિફિકેશન મુજબ, આ પ્રસ્તાવની અસર વિવિધ ઈમિગ્રેશન ફોર્મ પર થશે. જેમાં અમેરિકન સિટિઝનશિપ, એસાઈલમ અને ગ્રીન કાર્ડનો સમાવેશ થાય છે. જો કે ઈમિગ્રેશન ફોર્મ ભરવાની પ્રક્રિયામાં ખર્ચ વધવાની શક્યતાને નકારી દેવાઈ હતી. H-1B વર્કર્સે અમેરિકામાં પ્રવેશતી વખતે કે બહાર જતી વખતે I-94 ફોર્મ ભરવાનું હોય છે. આ ફોર્મમાં પ્રવેશની તારીખ, વિઝાના સ્ટેટસ જેવી માહિતી હોય છે. પ્રસ્તાવિત ફોર્મની જોગવાઈ H-1B અરજદારોને લાગુ પડશે નહીં. જો કે USCIS દ્વારા આ કેટગેરીના અરજદારોના સોશિયલ મીડિયા પણ ચકાસવામાં આવશે. H-1B વિઝા પર લાંબા સમયથી અમેરિકામાં સ્થાયી થયેલા લોકોને ગ્રીન કાર્ડ અપાય ત્યારે ફોર્મ I-485 ભરવાનું હોય છે. આ ફોર્મ ભરતી વખતે સોશિયલ મીડિયાની વિગતો રજૂ કરવી પડશે.

### પાકિસ્તાનના સઈદ શકીલ સાથે વિચિત્ર ઘટના બની

# ડ્રેસિંગ રૂમમાં સૂઈ ગયો પાકિસ્તાની બેટ્સમેન, અમ્પાયરે આપ્યો આઉટ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૬ ।

પાકિસ્તાન ક્રિકેટ ટીમના બેટ્સમેન સઈદ શકીલ સાથે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં એક વિચિત્ર ઘટના બની છે. સઈદ શકીલ મેચ દરમિયાન ડ્રેસિંગ રૂમમાં સૂઈ ગયો હતો. તે બેટિંગ કરવા માટે મોડા ક્રિઝ પર પહોંચ્યો હતો અને આવી સ્થિતિમાં અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો હતો. જો બેટ્સમેન નિર્ધારિત સમયમાં ક્રિઝ પર ન પહોંચે તો તેને ટાઈમ આઉટ આપવામાં આવી શકે છે. આવું જ સઈદ શકીલ સાથે થયું હતું. જેના કારણે ૩ બોલમાં ૪ વિકેટ પડી હતી અને બોલરે હેટ્રિક પણ મેળવી હતી. પાકિસ્તાન ક્રિકેટમાં પ્રથમ વખત કોઈ ખેલાડીને ટાઈમ આઉટ આપવામાં આવ્યો છે. પાકિસ્તાનની ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થયાના થોડા દિવસો બાદ સઈદ શકીલે રાવલપિંડીમાં ઘરેલુ પ્રેસિડેન્ટ ટ્રોફીની ફાઈનલમાં




ભાગ લીધો હતો. આ સમય દરમિયાન તે આ રીતે આઉટ થનાર ક્રિકેટરોની રેકોર્ડ બુકમાં પણ સામેલ થઈ ગયો છે. સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાન માટે પાંચમા નંબર પર બેટિંગ કરવા આવેલા શકીલને સમયસર બેટિંગ કરવા ન આવવાને કારણે ટાઈમ આઉટ જાહેર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન ટેલિવિઝન ટીમના ફાસ્ટ બોલર મુહમ્મદ શહઝાદે સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાનના કેપ્ટન ઉમર અમીન અને ફવાદ આલમને સતત બે બોલ પર આઉટ કર્યા હતા. આ પછી શકીલ ક્રિઝ પર આવ્યો, પરંતુ તેણે ત્રણ મિનિટથી વધુ સમય લીધો. ત્યારબાદ સામેની ટીમના કેપ્ટને ટાઈમ આઉટ માટે અપીલ કરી અને ઓન-ફીલ્ડ અમ્પાયરે અપીલ સ્વીકારી અને સઈદ શકીલને ટાઈમ આઉટ માનવામાં આવ્યો, જે ફર્સ્ટ-ક્લાસ ઈતિહાસમાં એક દુર્લભ ઘટના છે, કારણ કે તે આ રીતે આઉટ થનાર પ્રથમ પાકિસ્તાની બેટ્સમેન છે. જો રિપોર્ટ્સનું માનીએ તો તે ડ્રેસિંગ રૂમમાં સૂઈ ગયો હતો. આવી સ્થિતિમાં તે ક્રિઝ પર મોડો પહોંચ્યો હતો. તે રમવા આવ્યો તે પહેલા બોલરે ૨ બોલ પર પ્રથમ બે બેટ્સમેનોને આઉટ કર્યા હતા. શકીલ ત્રીજા બોલ પહેલા જ ટાઈમ આઉટ થયો હતો અને પછીના બોલ પર તેને ફરીથી વિકેટ મળી હતી. આ રીતે બોલરે ૩ બોલમાં ૪ વિકેટ ઝડપી હતી. ૨૦૨૩ ODI વર્લ્ડ કપમાં બાંગ્લાદેશ સામે એન્જેલો મેથ્યુઝ પણ આ રીતે આઉટ થયો હતો.

### અકસ્માતમાં ૬ લોકોના મૃત્યુ થયા

## અમદાવાદથી રાજસ્થાન જઈ રહેલી કારને આબૂ રોડ પર અકસ્માત નડયો

### મૃતકોમાં બાળકો અને મહિલાઓ પણ સામેલ છે : આ ઉપરાંત એક મહિલા પણ ગંભીર રીતે ઘાયલ થઈ છે

। (એજન્સી) સિરોહી, તા.૬ ।

રાજસ્થાનના સિરોહી જિલ્લાના આબૂરોડ સદર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કિવરલી પાસે ગુરુવાર સવારે લગભગ વહેલી સવારે ૩ વાગ્યે ભયંકર અકસ્માત થયો હતો. જેમાં ૬ લોકોના મૃત્યુ થયા છે. મૃતકોમાં બાળકો અને મહિલાઓ પણ સામેલ છે. આ ઉપરાંત એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે. જેને સારવાર માટે સિરોહી હોસ્પિટલમાં રેફર કરવામાં આવી છે. ઘટનાની જાણકારી મળતા સીઓ ગોમારામ, પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ દર્શન સિંહ, એસઆઈઓ ગોકુલરામ, હેડ કોન્સ્ટેબલ વિનોદ સહિત કેટલાય પોલીસ અધિકારી ઘટનાસ્થળે પહોંચ્યા અને ઘટનાની જાણકારી લીધી હતી. સીઓ ગોગારામે જણાવ્યું કે, જાલોરના રહેવાસી લોકો કારમાં બેસીને અમદાવાદથી જાલોર થઈ રહ્યા હતા. ત્યારે નેશનલ હાઈવે ૨૭ પર આબૂરોડ સદર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કિવરલી ગામ નજીક જઈ રહેલી ટ્રોલી સાથે કાર અથડાઈ હતી. દુર્ઘટના એટલી ભયંકર હતી કે કારમાં સવાર ૪ લોકના ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા. તો વળી ૨ લકોના સારવાર દરમ્યાન મૃત્યુ થયા છે. ઘટનામાં એક મહિલા ઘાયલ છે, જેને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી રાજકીય હોસ્પિટલ આબૂ રોડ લઈ જવામાં આવી છે. જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેમને સિરોહી રેફર કરવામાં આવ્યા છે. મૃતકોના મૃતદેહોને મોર્ચરીમાં રાખવામાં આવ્યા છે. પરિવારને આ દુર્ઘટના અંગે સૂચના આપી દેવામાં આવી છે. હેડ કોન્સ્ટેબલ વિનોદ લાંબાએ જણાવ્યું કે તેઓ નાઈટ હાઈવે પેટ્રોલિંગ પર હતા. દરમિયાન, કિવરલીની આગળ, એક પ્રચંડ વિસ્ફોટનો અવાજ સંભળાયો. આ વાત સાંભળતાં જ તેઓ માત્ર ૨ મિનિટમાં ઘટનાસ્થળે પહોંચી ગયા અને એમ્બ્યુલન્સ અને ઉચ્ચ અધિકારીઓને ઘટનાની જાણ કરી. ઘટનાસ્થળે ક્રેન બોલાવવામાં આવી હતી અને ટ્રોલીમાં ફસાયેલી કારને બહાર કાઢવામાં આવી હતી. મૃતકોના મૃતદેહને બહાર કાઢવા માટે કારના દરવાજા તોડી નાખવામાં આવ્યા હતા. લગભગ ૪૦ મિનિટની મહેનત પછી મૃતદેહો બહાર કાઢી શકાયા. કિવરલીમાં થયેલા માર્ગ અકસ્માતમાં મૃતકો બધા જાલોર જિલ્લાના રહેવાસી છે અને પ્રજાપતિ સમુદાયના છે. મૃતકોમાં પતિ, પત્ની અને પુત્રનો સમાવેશ થાય છે.

### આવા આદેશ જારી કરતાં પહેલાં નિર્ધારિત સેફગાર્ડનું પાલન કરવું જરૂરી

## પ્રિવેન્ટિવ ડિટેન્શન એક અત્યંત કઠોર પગલું છે : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ડ્રગ્સ કેસમાં એક દંપતીના સામેના નાગાલેન્ડ સરકારના ગૃહ મંત્રાલયના પ્રિવેન્ટિવ આદેશોને રદ કરતાં સુપ્રીમ કોર્ટે બુધવારે જણાવ્યું હતું કે પ્રિવેન્ટિવ અટકાયત એક કઠોર પગલું છે. કાયદા મુજબ અધિકૃત અધિકારીને સંપૂર્ણ ખાતરી હોવી જોઈએ કે વ્યક્તિને માદક દ્રવ્યોની ગેરકાયદેસર હેરફેરથી રોકવા માટે તેની અટકાયત કરવી જરૂરી છે.અટકાયતના અલગ આધારો દ્વારા મગજનો ઉપયોગ કરીને તેની સ્પષ્ટતા પણ કરવી જોઈએ.જસ્ટિસ સંજય કુમાર અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહ બનેલી ખંડપીઠે સત્તાવાળાના અટકાયતના આદેશને ભેદી ગણાવીને જણાવ્યું હતું કે તેમા મનમાની કરવામાં આવી છે. ખંડપીઠે ગૌહાટી હાઈકોર્ટના ચુકાદાને પણ રદ કર્યો હતો. ૧૯૮૮ના નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ ધારા હેઠળ અશરફ હુસૈન ચૌધરી અને તેની પત્ની અદાલિયુ ચાવાંગની સામે સત્તાવાળાએ પ્રિવેન્ટિવ અટકાયતના આદેશ આપ્યા હતાં. આ આદેશને દંપતીએ હાઈકોર્ટમાં પડકાર્યા હતાં, પરંતુ હાઈકોર્ટે અરજીને ફગાવી દીધી હતી.બેન્ચે જણાવ્યું હતું કે નિવારક અટકાયત એ એક કઠોર પગલું છે કે જેના દ્વારા કોઈ વ્યક્તિ કે જેના પર કેસ ચલાવાયો નથી અને દોષિત નથી ઠેરવાયો તેને અટકાયતમાં રાખી શકાય છે. નિવારક અટકાયતને બંધારણની કલમ ૨૨(૩)(બી)એ મંજૂરી આપેલી છે, પરંતુ કલમ ૨૨ પ્રિવેન્ટિવ અટકાયત માટે કડક ધોરણોની પણ જોગવાઈ કરે છે. કલમ ૨૨માં કહેવાયું છે કે નિવારક અટકાયતને લગતી શરતો અને પદ્ધતિઓ સૂચવવા માટે સંસદ કાયદો બનાવે. નિવારક અટકાયતથી વ્યક્તિને કોર્ટ કેસ અથવા દોષિત ઠેરવ્યાં વિના લાંબા સમય સુધી અટકાયતમાં રાખવામાં આવે છે અને વ્યક્તિગત સ્વતંત્રતાઓથી વંચિત રાખે.

### નશામાં સર્જેલા અકસ્માતમાં થયેલા મોતનું વળતર વીમા કંપનીએ આપવું પડે

। (એજન્સી) ચેન્નાઈ, તા.૬ ।

મદ્રાસ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ ચુકાદા મુજબ જો કોઈ વાહનનો ડ્રાઈવર દારુના નશામાં હોય અને તેનાથી કોઈ અકસ્માત સર્જાય તો ત્યારે પણ વીમા કંપનીએ મૃતકના પરિવારને વળતર આપવું પડશે. જોકે, પાછળથી વીમા કંપની આ રકમ વાહન માલિક પાસેથી વસૂલી શકશે. મદ્રાસ હાઈકોર્ટે કહ્યું કે, વીમા કંપનીએ પહેલા વળતર જમા કરાવવું પડશે અને ત્યાર પછી એ વળતરની રકમ વાહન માલિક પાસેથી કાયદાકીય પ્રક્રિયા દ્વારા વસૂલી શકશે.ચેન્નાઈના તિરુનીરમલાઈ મેઈન રોડ પર રાજસેકરન નામનો વ્યક્તિ ચાલતો જઈ રહ્યો હતો, ત્યારે એક વાહને તેને ટક્કર મારી હતી, જેમાં તેનું મોત થયું હતું. મૃતક પરિવારે ૬૫ લાખનું વળતર માંગ્યું હતું, પરંતુ એમએસીટીએ રૂપિયા ૨૭.૬૫ લાખનું વળતર નક્કી કર્યું અને વીમા કંપનીને જવાબદારીમાંથી મુક્ત કરી હતી, કારણ કે દુર્ઘટના સમયે વાહનનો ડ્રાઈવર દારુના નશામાં હતો.

### ત્રણમાંથી બે MLC બેઠક પર જીત, PM મોદી પણ ગદગદ

। (એજન્સી) હૈદરાબાદ, તા.૬ ।

તેલંગાણા વિધાનસભા પરિષદની ચૂંટણીમાં ભાજપે બહુમતિ સાથે જીત મેળવી છે. તેણે ત્રણ બેઠક પર યોજાયેલી પેટા ચૂંટણીમાંથી બે બેઠક પર જીત હાંસલ કરી છે. ત્રણ એમએલસી બેઠકમાંથી બે પર જીતથી કોંગ્રેસ શાસિત રાજ્યમાં ભાજપનો દબદબો વધતો જોવા મળ્યો છે. ભાજપ સમર્થિત ઉમેદવારોની જીતને વધાવતા કેન્દ્રીય કોલસા મંત્રી અને ભાજપ તેલંગાણા એકમના પ્રમુખ જી. કિશન રેડ્ડીએ કહ્યું કે આ જીત યુવાનો અને શિક્ષકોની જીત છે, જેમણે કોંગ્રેસને તેના નિષ્ફળ શાસન અને તેમની ચિંતાઓને દૂર કરવામાં નિષ્ફળતા માટે નિર્ણાયક રીતે નકારી કાઢી છે. કિશન રેડ્ડીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું હતું કે, 'કોંગ્રેસે તેના તમામ મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદોને મેદાનમાં ઉતાર્યા અને ઘણો ખર્ચ કર્યો, તેમ છતાં તેઓ કરીમનગર ગ્રેજ્યુએટ બેઠક જાળવી શક્યા નથી. લોકોને ખોટા વચનો આપીને સત્તામાં આવેલી કોંગ્રેસને આ પરિણામ મજબૂત સંદેશ આપે છે.' રાજ્યમાં ૧૩ જિલ્લાઓ, ૪૩ વિધાનસભા બેઠકો અને છ સંસદીય મત વિસ્તારો તથા ૨૭૦ મંડળમાં યોજાયેલી ચૂંટણીની સાથે આ જીત નોંધપાત્ર છે. જે તેલંગાણામાં ભાજપની વધતી જતી તાકાતને દર્શાવે છે. મેડક-નિઝામાબાદ-આદિલાબાદ-કરીમનગર સ્નાતક અને શિક્ષક મત ક્ષેત્રો અને વારંગલ-ખમ્મમ-નલગૌડા શિક્ષક મત વિસ્તાર માટે પ્રેફરન્શિયલ વોટિંગ સિસ્ટમ હેઠળ ચૂંટણી યોજાઈ હતી. એટલે કે એક સ્નાતક અને બે શિક્ષક મતદાર ક્ષેત્ર માટે ચૂંટણી યોજાઈ હતી. આ પૈકી, કરીમનગર સ્નાતક મત વિસ્તારમાં ભાજપ સમર્થિત ચૌધરી અંજી રેડ્ડીએ કોંગ્રેસના નરેન્દ્ર રેડ્ડીને ૫,૦૦૦થી વધુ મતોથી હરાવ્યા હતા. ભાજપના મલકા કોમારૈયાએ કરીમનગર શિક્ષક મત વિસ્તારમાંથી જીત્યા અને અપક્ષ ઉમેદવાર શ્રીપાલ રેડ્ડી પિંગલી (શિક્ષક સંઘ દ્વારા સમર્થિત) વારંગલ-ખમ્મમ-નાલગોંડા શિક્ષક મતવિસ્તારમાંથી જીત્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ભાજપને 'અભૂતપૂર્વ સમર્થન' આપવા બદલ રાજ્યના લોકોનો આભાર માન્યો હતો અને લોકો વચ્ચે ખૂબ જ સમર્પણ સાથે કામ કરવા બદલ પાર્ટીના કાર્યકરોની પ્રશંસા કરી હતી. મોદીએ 'X' પર એક પોસ્ટમાં કહ્યું, MLC ચૂંટણીમાં આવા અભૂતપૂર્વ સમર્થન માટે હું તેલંગાણાના લોકોનો આભાર માનું છું. અમારા નવા ચૂંટાયેલા ઉમેદવારોને અભિનંદન.

### ૨૦,૦૦૦થી વધુ મકાનો જમીનદોસ્ત થઈ જશે!

## સિંગરૌલી જિલ્લાના મોરવામાં પણ સૌથી મોટું વિસ્થાપન થશે

। (એજન્સી) સિંગરૌલી, તા.૬ ।

મધ્ય પ્રદેશનું એક શહેર ઈતિહાસ બની જશે. હરસૂદની જેમ હવે સિંગરૌલી જિલ્લાના મોરવામાં પણ સૌથી મોટું વિસ્થાપન થશે. આશરે ૨૦ હજારથી વધુ મકાન શહેરમાં તોડવામાં આવશે કારણ કે અહીં કોલસાનો મોટો ભંડાર મળ્યો છે. તેને લઈને NCL (નોર્ધન કોલ ફિલ્ડ્સ લિમિટેડ) એ એક માસ્ટર પ્લાન બનાવ્યો છે. આ પ્લાન હેઠળ કોલસા ઉત્પાદન વધારવા માટે મોરવાને હટાવવામાં આવશે. આ વિસ્થાપન ૨૦૩૨ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. તેમાં NCLનું મુખ્યાલય અને રહેણાંક વસાહતનો પણ સમાવેશ થાય છે. કંપની આગામી દસ વર્ષમાં અહીંથી કોલસાનું ઉત્પાદન શરૂ કરવા માંગે છે. આ પ્લાનને કોલ ઈન્ડિયાના બોર્ડ તરફથી પણ મંજૂરી મળી ગઈ છે. તેથી મોરવાને હવે કોઈ રાહત મળવાની આશા નથી. NCL નો માસ્ટર પ્લાન સિંગરૌલી માટે એક મોટો ઝટકો છે. તેનાથી લગભગ ૧ લાખ લોકો વિસ્થાપિત થશે. સ્થાનીક લોકો અનુસાર મોરવામાં લગભગ ૨૦ હજાર મકાન છે. તેને એશિયાનું સૌથી મોટું નગરીય વિસ્થાપન માનવામાં આવી રહ્યું છે. આ વિસ્થાપન કોલસાનું ઉત્પાદન વધારવા માટે કરવામાં આવી રહ્યું છે. NCL મુહેર સબ બેસિનને સિંગરૌલી મુખ્ય બેસિન સાથે મર્જ કરીને કોલસાના ખાણકામને વેગ આપવા માંગે છે. સિંગરૌલી કોલ ફિલ્ડ ૨૨૦૨ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે. મુહર સબ બેસિન ૩૧૨ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે, જ્યારે સિંગરૌલી મુખ્ય બેસિન ૧૮૯૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે. અત્યાર સુધી માત્ર મુહેર પેટા બેસિનમાં જ કોલસાનું ખાણકામ થઈ રહ્યું છે. પરંતુ માસ્ટર પ્લાનમાં સમગ્ર કોલસા ક્ષેત્રોમાં ખાણકામની તૈયારી છે. આ માટે વોર્ડ નંબર ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ની કુલ ૧૪૮૫ હેક્ટર જમીન સંપાદિત કરવામાં આવશે. જેના કારણે ૨૦ હજાર મકાનો તોડી પાડવામાં આવશે. તો મોરવાના વિસ્થાપિતોને વળતર આપવામાં આવશે. તે ૩૫૦૦૦ કરોડ રૂપિયા સુધી હોઈ શકે છે.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ

અમદાવાદ ડિવિઝન ઉપર બિન ભાડા આવક ઉત્પન્ન કરવા માટે પરિસંપત્તિઓના કોમર્શિયલ ઉપયોગના સંબંધમાં 05/03/2025 તારીખની નોટીસ નં. 27316/1/2025 હેઠળ એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI). EOI ની વિગતો નીચે મુજબ છે.

**[1] વર્ણન :-** પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન ઉપર બિન ભાડા આવક ઉત્પન્ન કરવા માટે પરિસંપત્તિઓના કોમર્શિયલ ઉપયોગ માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) **[2] ઉપલબ્ધ સ્થળ (EOI દસ્તાવેજમાં પરિશિષ્ટ-A તરીકે સંલગ્ન) :-** અમદાવાદ ડિવિઝન ઉપર સ્ટેશનો ખાતે ઓછો ઉપયોગ થયેલ જગ્યા, ખાલી રહેલ રેલવે જમીન, ROBs/ RUBs/ LC ગેટ્સ/દિવાલો/સીમારેખાઓ પાસે જાહેરાત વિસ્તાર (વિગતો સંલગ્ન), કારખાનાઓ, રેલવે હોસ્પિટલ્સ, રેલવે કોલોની, રેલવે તાલીમ કેન્દ્ર, રેલવે ગુડ્ઝ શેડ્સ વગેરે ખાતે ઉપલબ્ધ જગ્યા **[3] EOI દસ્તાવેજ ખાતે ઉપલબ્ધ :** પશ્ચિમ રેલવેની વેબસાઈટ: **https://wr.indianrailways.gov.in/ Tender Details cpp.jsp?T ID=21416&lang=0&id=0,3 [4] દસ્તાવેજ પશ્ચિમ રેલવેની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યા છે. [5] EOI રજૂ કરવાની છેલ્લી તારીખ :** 21/03/2025 ના રોજ15:00 કલાક **[6] દરખાસ્ત રજૂ કરવા અને પુછપરછ માટેની ઓફિસની વિગતો :-** સિનિ. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે, DRM ઓફિસ બિલ્ડીંગ, ચામુંડા માતા મંદિર પાસે, અમદુપુરા, પો.: સૈજપુર-બોઘા, અમદાવાદ-382345. ટેલિ./ફેક્સ નં. 079-2220-1990, **મેઈલ આઈડી: srdcm@adi.railnet.gov.in**

ADI-342

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## તંત્રી લેખ...

# લંડનમાં જયશંકરની સુરક્ષામાં ચૂક

વિદેશ મંત્રી એસ જયશંકર બ્રિટન અને આયર્લેન્ડની છ દિવસની મુલાકાતે પહોંચ્યા હતા. તેમજ તેમણે ગુરુવારે લંડનના થિંક ટેન્ક ચેથમ હાઉસ ખાતે વિશ્વમાં ભારતનો ઉદય અને ભૂમિકા વિષય પર વાત કરી હતી. એવામાં એક એક ખાલિસ્તાની સમર્થક તેમની કારની સામે આવીને ત્રિરંગાનુ અપમાન કર્યુ હતું. વિદેશ મંત્રી ચથમ હાઉસ પહોંચે તે પહેલા જ ખાલિસ્તાન સમથર્કો ત્યાં ભારત વિરોધી નારા લગાવી રહ્યા હતા. તેમના હાથમાં ખાલિસ્તાની ઝંડા હતા. કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ જ્યારે વિદેશ મંત્રી જયશંકર પોતાની કાર પાસે આવ્યા ત્યારે તેમની કારની સામે એક વ્યક્તિ આવ્યો હતો. તેણે સૂત્રોચ્ચાર કરતાં ત્રિરંગાને ફાડી નાખ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. વિદેશ મંત્રાલયે આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, અમે લંડનમાં ઉગ્રવાદીઓના જૂથ દ્વારા કરવામાં આવેલા અપરાધનો વીડિયો જોયો. અમે આ ઘટનાની સખત નિંદા કરીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે યજમાન સરકાર આવા કિસ્સાઓમાં તેની રાજદ્વારી જવાબદારીઓ પૂર્ણ કરે. વિદેશ મંત્રી જયશંકરની મુલાકાતનો ઉદ્દેશ્ય ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે, જેમાં વેપાર, આરોગ્ય, શિક્ષણ, લોકો વચ્ચેના સંબંધો અને સંરક્ષણ સહયોગનો સમાવેશ થાય છે. યુકેની મુલાકાત પછી, જયશંકર ૬-૭ માર્ચે આયર્લેન્ડની મુલાકાત લેશે, જ્યાં તેઓ આઈરિશ વિદેશ મંત્રી સિમોન હેરિસને મળશે, અન્ય અધિકારીઓ સાથે વાતચીત કરશે અને ભારતીય ડાયસ્પોરાને મળવાના છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડનાં હર્ષિલમાં શિયાળુ પ્રવાસન કાર્યક્રમને સંબોધન કર્યું

### ઉત્તરાખંડને વિકસિત રાજ્ય બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય ખાતેની અમારી સરકારો સાથે મળીને કામ કરી રહી છેઃ પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડનાં હર્ષિલમાં એક ટ્રેક અને બાઈક રેલીને લીલી ઝંડી બતાવ્યા પછી વિન્ટર ટૂરિઝમ પ્રોગ્રામમાં સહભાગી થયા હતા. તેમણે મુખવામાં મા ગંગાની શિયાળુ નિવાસ સ્થાન પર પૂજા અને દર્શન પણ કર્યા હતા. જનમેદનીને સંબોધતા તેમણે માના ગામની ગમખ્વાર ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો અને અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતુ કે, દેશનાં લોકો કટોકટીના આ સમયમાં એક સાથે ઊભા છે, જેણે અસરગ્રસ્ત પરિવારોને અપાર શક્તિ પ્રદાન કરી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ''ઉત્તરાખંડની ભૂમિ, જે દેવભૂમિ તરીકે ઓળખાય છે તે આધ્યાત્મિક ઊર્જાથી તરબોળ છે અને ચાર ધામ અને અન્ય અસંખ્ય પવિત્ર સ્થળોથી સમૃદ્ધ છે.'' પ્રધાનમંત્રીએ જણાવ્યું હતુ કે, આ પ્રદેશ જીવનદાતા મા ગંગાના શિયાળુ નિવાસસ્થાન તરીકે સેવા આપે છે. તેમણે ફરી મુલાકાત લેવાની અને લોકો અને તેમના પરિવારજનોને મળવાની તક આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને તેને આશીર્વાદરૂપ ગણાવી હતી. મા ગંગાની કૃપાથી જ તેમને દાયકાઓ સુધી ઉત્તરાખંડની સેવા કરવાનો લહાવો મળ્યો છે. મા ગંગાના આશીર્વાદ મને કાશી સુધી દોરી ગયા, જ્યાં હું અત્યારે સંસદસભ્ય તરીકે સેવા આપું છું. શ્રી મોદીએ કાશીમાં મા ગંગાએ તેમને બોલાવ્યા હતા એ વિધાનને યાદ કરતાં કહ્યું હતુ અને તાજેતરમાં તેમને થયેલા સાક્ષાત્કારને વર્ણવ્યો હતો કે મા ગંગાએ તેમને પોતાના તરીકે અપનાવી લીધા છે. પ્રધાનમંત્રીએ તેને મા ગંગાના પોતાના બાળક પ્રત્યેનો સ્નેહ અને પ્રેમ ગણાવ્યો હતો, જે તેમને મુખવા ગામમાં તેમના માતાના ઘરે લાવ્યો હતો અને તેમને મુખિમઠ-મુખવા ખાતે દર્શન અને પૂજા-અચર્ના કરવાનું સન્માન મળ્યું હતું. હર્ષિલની ભૂમિ પર પોતાની મુલાકાત દરમિયાન, સ્થાનિક મહિલાઓ, જેમને તેમણે ''દીદી-ભુલિયા'' તરીકે ઓળખાવ્યા હતા. તેમના દ્વારા દર્શાવવામાં આવેલા સ્નેહની પોતાની મધુર યાદોને વ્યક્ત કરતા શ્રી મોદીએ તેમને હર્ષિલના રાજમા અને અન્ય સ્થાનિક ઉત્પાદનો મોકલવાની તેમના વિચારશીલ ભાવો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઉષ્મા, જોડાણ અને ભેટસોગાદો માટે આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ બાબા કેદારનાથની પોતાની મુલાકાતને યાદ કરી હતી. જ્યાં તેમણે જાહેરાત કરી હતી કે, ''આ દાયકો ઉત્તરાખંડનો દાયકો બની રહેશે.'' તેમણે કહ્યું હતું કે, આ શબ્દોની પાછળ રહેલી તાકાત ખુદ બાબા કેદારનાથથી આવી છે. તેમણે એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, બાબા કેદારનાથનાં આશીર્વાદ સાથે આ વિઝન ધીમે ધીમે વાસ્તવિક સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. ઉત્તરાખંડની પ્રગતિ માટે નવા માર્ગો ખુલી રહ્યા છે એ વાત પર ભાર મૂકીને રાજ્યની રચનાની આકાંક્ષાઓ પૂર્ણ કરી રહ્યા છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, ઉત્તરાખંડના વિકાસ માટે કરવામાં આવેલી કટિબદ્ધતાઓ સતત ઉપલબ્ધિઓ અને નવા સિમાચિહ્નો મારફતે સાકાર થઈ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ''શિયાળુ પ્રવાસન આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે, જે ઉત્તરાખંડની આર્થિક સંભવિતતાનો ઉપયોગ કરવામાં મદદ કરે છે.'' તેમણે ઉત્તરાખંડ સરકારને આ નવીન પ્રયાસ બદલ અભિનંદન આપ્યાં હતાં તથા રાજ્યની પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ''ઉત્તરાખંડ માટે પર્યટન ક્ષેત્રને એક વર્ષભરની પ્રવૃત્તિમાં વિવિધતા લાવવી અને તેને એક વર્ષભરની પ્રવૃત્તિ બનાવવી મહત્ત્વપૂર્ણ અને આવશ્યક છે. ઉત્તરાખંડમાં કોઈ ''ઓફ-સિઝન'' ન હોવી જોઈએ અને દરેક ઋતુમાં પ્રવાસન ખીલવું જોઈએ. અત્યારે પવર્તોમાં મોસમી પર્યટન છે, જેમાં માર્ચ, એપ્રિલ, મે અને જૂન દરમિયાન પ્રવાસીઓનો નોંધપાત્ર પ્રવાહ જોવા મળે છે. પછીથી પ્રવાસીઓની સંખ્યામાં ધરખમ ઘટાડો થાય છે. જેના કારણે શિયાળા દરમિયાન મોટાભાગની હોટલો, રિસોર્ટ્સ અને હોમસ્ટે ખાલી પડે છે. આ અસંતુલન ઉત્તરાખંડમાં વષર્નાં મોટા ભાગ માટે આર્થિક સ્થિરતા તરફ દોરી જાય છે અને પર્યાવરણ માટે પડકારો પણ ઉભા કરે છે.'' મોદીએ જણાવ્યું હતું કે, ''શિયાળા દરમિયાન ઉત્તરાખંડની મુલાકાત લેવાથી દેવભૂમિની દિવ્ય આભાની સાચી ઝાંખી થાય છે.'' શ્રી મોદીએ આ વિસ્તારમાં શિયાળુ પ્રવાસન પ્રદાન કરે છે તેવી ટ્રેકિંગ અને સ્કીઈંગ જેવી પ્રવૃત્તિઓનો રોમાંચ વ્યક્ત કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઉત્તરાખંડમાં ધાર્મિક યાત્રાઓ માટે શિયાળો વિશેષ મહત્વ ધરાવે છે.

---

**ફિલ્મ કે સિરિયલ જોઈને પુરુષ સમોવડીનો નારો લઈને નીકળેલી સ્ત્રી આજે ઉદ્ધત, સ્વચ્છંદ, સ્વતંત્ર, નિર્દય, અને હિંસક એ બધા લક્ષણો ધરાવતી થઈ ગઈ છે**

# માત્ર રુપથી નહીં પણ સ્વરૂપથી પણ જે સૌમ્ય હોય એને જ સ્ત્રી કહેવાય!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સર્વપ્રથમ તો મહિલા કહો, સ્ત્રી કહો, નારી કહો, એ કોને કહેવાય! શું માત્ર શરીર રચનાથી કોઈ સ્ત્રી હોય, તો તેને આ સન્માન મળી શકે ખરું?: એટલે સર્વપ્રથમ તો પ્રવતર્માન સમાજમાં આજે સ્ત્રીઓને સફળતાનો એક એવો નશો ચડ્યો છે, કે પહેલા દસ-વીસ ટકા સ્ત્રીઓ જ આ પ્રકારનું જીવન જીવતી હતી.**

આવતીકાલે ૮ માર્ચ છે અને આ દિવસને મહિલા દિવસ તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે, અને આપણે ચિંતનમાં વીમન્સ ડે અંતર્ગત વાત કરી રહ્યા છીએ ત્યારે વિશ્વમાં પ્રવર્તતી અશાંતિ કે ક્રાઈમ માટે ક્યાંક કોઈ ને કોઈ રુપે પોતે તો જવાબદાર નથી ને? હાલની પરિસ્થિતિ જોતા એ પ્રશ્ન પણ વિચારવા જેવો ખરો. હકીકતમાં આજે પ્રવતર્માન સમાજમાં દેખાતું સ્ત્રીનું રૂપ આ બધા લેખ સાથે એટલું સામ્યતા ધરાવતું નથી, કોઈ કોઈ સમાજ કે પછી સંપ્રદાયમાં સ્ત્રીના અસ્તિત્વને હજી સ્વીકારાયુ ન્હોય પણ એ અપવાદ છે. એટલે કે સમાજની મોટાભાગની મહિલાઓ આજે ઘણી આગળ નીકળી ગઈ છે, તેની સાથે આવાં વ્યવહારો થતાં નથી, કારણ કે સમાજે ઉદારતાથી ઘણું બધું સ્વીકારી લીધું છે. આજની સ્ત્રીઓ માટે શું ઉપમા આપી શકાય! શું ખરેખર આજે સ્ત્રી હવે અમુક ચોક્કસ પ્રકારના સન્માનની અધિકારી રહી છે ખરી? શું મારી જેમ એ સવાલ સૌના મનમાં નથી ઉદ્ભવતો? સર્વપ્રથમ તો મહિલા કહો, સ્ત્રી કહો, નારી કહો, એ કોને કહેવાય! શું માત્ર શરીર રચનાથી કોઈ સ્ત્રી હોય, તો તેને આ સન્માન મળી શકે ખરું?: એટલે સર્વપ્રથમ તો પ્રવતર્માન સમાજમાં આજે સ્ત્રીઓને સફળતાનો એક એવો નશો ચડ્યો છે, કે પહેલા દસ-વીસ ટકા સ્ત્રીઓ જ આ પ્રકારનું જીવન જીવતી હતી, અને એની માટેનો એક ખાસ શબ્દ હતો કે ''ભાઈડા'' જેવી છે, ત્યારે એ શબ્દ માત્ર બાહ્ય દેખાવને કારણે ઉચ્ચારાતો, જ્યારે આજે સ્વરૂપ સૌમ્ય હોય પણ..... અને એ રીતે જોઈએ તો એ રેસીયો વધી ગયો છે, જે ખતરાથી ખાલી નથી. એની માટે ઘણી બધી વસ્તુઓ જવાબદાર છે, અને ક્યાંક ને ક્યાંક સમાજમાં સ્ત્રીને વધુ પડતી સતાવી હોવાનું પણ આ પરિણામ છે, એમાં પણ કોઈ બે મત નથી. સ્ત્રી પોતાના પરિવારથી ખુશ હતી, તેને માત્ર લાગણી અને હુંફની જરૂર હતી, એને પણ માનવ સમજવાની જરૂર હતી. પરંતુ કોઈએ એટલી તેની કદર કરી નહીં, અને તેણે પોતાના અધિકાર માટે ઘરની બહાર નીકળવું પડ્યું. એની ઈચ્છાનું કોઈ મોલ નહોતું ! ૧૮ થી ૧૯ મી સદીનો એ દાયકો બહુ ખરાબ રહ્યો, કે જ્યાં સ્ત્રીને બહુ જ સતાવવામાં આવી. શિક્ષણનો વ્યાપ વધતાં સ્ત્રી એ પોતાની સફળતા દેખાડવાનું શરૂ કર્યું, અને આજે દરેક ક્ષેત્રમાં સ્ત્રીએ સફળતા ને સિદ્ધી પ્રાપ્ત કરી છે,એમાં કોઈ બેમત નથી. પરંતુ આ સફળતાનો નશો તેને નડી ગયો. આમ પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરવા નીકળેલી સ્ત્રી સફળતાના આ નશામાં પોતાની સૌમ્યતા ધીરે ધીરે ભૂલતી ગઈ, અને પશ્ચિમની સંસ્કૃતિથી અભડાતી ગઈ,અને સ્ત્રી સમોવડીનાં એક વિચારને કારણે પહેરવેશથી માંડીને બધું જ એણે બદલી નાખ્યું. એટલે સ્થૂળ દેહની રીતે જ હવે તે સ્ત્રી રહી, સૂક્ષ્મ શરીર એટલે કે સંવેદનાની ધરોહર, મમતાની મૂરત, લાગણીનો દરિયો, આ બધાં જે તેના આંતરિક ગુણને કારણે ઉપનામ મળ્યા હતાં તે હવે જોઈએ તેટલાં પ્રમાણમાં જોવા મળતાં નથી. મનોરંજન તરીકે સ્વીકારવામાં આવેલું ટેલિવિઝન અને સિનેમા પણ આમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. એટલે કે ડેઈલી શોપમાં દેખાડવામાં આવતી સિરિયલોમાં મોટેભાગે ષડયંત્ર અને કાવાદાવા જ હોય છે, અથવા વધુ પડતાં આદર્શો બતાવે છે, જે આજની પેઢી અનુસરે નહીં તો ઘરના વડીલોને એમ થાય કે મારી વહુ સારી નથી. ઉપરાંત એક પત્નીનો આપણે ત્યાં કાયદો હોવા છતાં સિરિયલ કે ફિલ્મમાં પરિવારના નાયકને બે-ત્રણ સ્ત્રી સાથે સંબંધ દેખાડવામાં આવે છે. અનૈતિકતાઔના પાયા પર જ જ્યારે મનોરંજન પીરસાતું હોય, ત્યાં એમાંથી સારા ગુણ કઈ રીતે ગ્રહણ કરી શકાય! સિનેમાની વાત કરીએ તો એમાં તો હજી પણ ધૂમ્રપાન અને દારૂ નિષેધનો સંદેશો હોય છે. પરંતુ સીરીયલમાં તો બેફામ દારૂની મેહફીલ દેખાડવામાં આવે છે, અને યુવતીઓ તેમજ સ્ત્રીઓ પણ કોઈપણ પ્રકારના છોછ વગર દારૂ પીતી દેખાડવામાં આવે છે, સિગરેટ પીતી દેખાડવામાં આવે છે, અડધા ઉઘાડા અંગો દેખાતા પોશાકો પહેરેલી દેખાડવામાં આવે છે. આ બધું જોઈને કોણ સારા ગુણ ગ્રહણ કરી શકે! કોણ સૌમ્ય રહી શકે! નાદાન ઉંમરની કિશોરીઓ આ પ્રકારના વર્તનથી કે આવું જીવવાથી આનંદ મળી શકે, એવું વિચારી એ ખાઈમાં પડતી હોય છે. પરિવર્તનના નામે સ્ત્રીઓએ ઘણું ઘણું ન અપનાવવા જેવું અપનાવ્યું, અને પછી તેની સાથે દુર્વ્યવહાર થાય તો એની માટે જવાબદાર સમાજને ઠેરવવો કે પુરુષને ઠેરવવો એ કેટલે અંશે વ્યાજબી છે? એટલે આવું થવું જોઈએ, અથવા તો આવું થાય છે તે વ્યાજબી છે, એવું કહેવાનું કોઈ મતલબ કે તાત્પર્ય નથી, જે ઘટનાઓ ઘટે છે તે વખોડવા લાયક જ છે. સમાજમાં સ્ત્રીઓ સાથે આવા દૂર વ્યવહારો થવા ન જોઈએ, બળાત્કારની ઘટના ઘટવી જ ન જ જોઈએ. પરંતુ એની માટે થઈને હવે માત્ર સમાજ કે પુરુષને દોષ દેવો એ કેટલે અંશે યોગ્ય છે? એ પણ વિચારવાનો સમય આવી ગયો છે, કારણ કે આ ઘટના અટકવાનું નામ લેતી નથી, ત્યારે સ્ત્રીએ પોતાની ભૂલો તરફ પણ હવે વિચારવું પડશે. ક્યાં સુધી અન્ય પર આક્ષેપો નાખીને આપણે બચતા રહીશું! ફિલ્મ કે સિરિયલ જોઈને પુરુષ સમોવડીનો નારો લઈને નીકળેલી સ્ત્રી આજે ઉદ્ધત, સ્વચ્છંદ, સ્વતંત્ર, નિર્દય,અને હિંસક એ બધા લક્ષણો ધરાવતી થઈ ગઈ છે, અને તેના મૂળ સ્વભાવગત સંસ્કારો છૂટતા જાય છે. એની માટેના ઘણાં કારણો છે. આપણે જોયું તેમ અન્ન તેવો ઓડકાર એ રીતે તેની ખાણીપીણી બદલાઈ ગઈ છે, વ્યાસનો પણ કરવા લાગી છે, ગાલીગલોચ પણ સીરીયલો કે ફિલ્મનું જોઈને શીખતી જાય છે. ટૂંકમાં કહીએ તો બીભત્સ રસની પ્રેરક થતી જાય છે, અને એને કારણે તેની સૌમ્યતા ખંડિત થતી જાય છે. હજી આ તરફ ધ્યાન દેવામાં નહીં, આવે તો આ રેશિયો વધતો જશે. સમાજમાં આનુ પરિણામ દેખાવાનું શરૂ થઈ ગયું છે, એટલે કે પરિવારો તૂટતાં જાય છે, સંયુક્ત કુટુંબ તો હવે બચ્યા જ નથી! છૂટાછેડાનું પ્રમાણ ઘણું વધી ગયું છે! મનોચિકિત્સકની સંખ્યા પણ વધી છે,અને એનાં ક્લિનિક પણ હવે કાયમ ભરેલા રહે છે. આ ઉપરાંત સ્ત્રીઓની કામુકતા પણ વધતી ગઈ છે, અને એને કારણે લગ્નેતર સંબંધો પણ ખુબ જોવા મળે છે. સ્ત્રીઓને પણ પોતાની લાગણી પ્રદર્શીત કરવાનો હક છે, વગેરે વગેરે વાતો કરી અને લિવ ઈન રિલેશનશિપના કે લેસ્બિયન ના કિસ્સાઓ પણ વધતાં જોવા મળે છે, જેને કારણે લગ્ન સંસ્થા સામે ભય ઉભો થઈ ગયો છે. એટલે કે અનૈતિકતાનાં કરાર સમાજમાં હવે બહુ આસાનીથી થતા દેખાય છે, અને આ બધાં માટે સ્ત્રી જ જવાબદાર છે, એવું કહેવાનું તાત્પર્ય બિલકુલ નથી. પરંતુ મોટાભાગની સ્ત્રી હવે સૌમ્ય નથી રહી, વિદ્રોહી બની છે,જે ખતરનાક છે. સ્ત્રી પુરુષ બંને એકબીજાનાં પૂરક હોવાથી સુંદર સ્ત્રીને જોઈને પુરુષના મનમાં ભાવ ઉત્પન્ન થાય, એ બહુ સહજ છે, અને ભાવ એટલે કે પ્રેમનો ભાવ. પરંતુ હવે સ્ત્રીને જોઈને મોટેભાગે પુરુષોના મનમાં તેને ભોગવવાનો ભાવ જાગે છે, બસ એટલું અંતર પહેલાની અને અત્યારની સ્ત્રીમાં આવી ગયું છે, અને એને કારણે સમાજમાં ઠેર ઠેર બળાત્કારની ઘટનાઓ ઘટે છે, એ સમજવાની હવે જરૂર છે. વિશ્વની મહિલાઓને આજે મહિલા દિવસે આ તરફ અંગુલિનિર્દેશ કરીને માત્ર એટલું જ કહેવાનું તાત્પર્ય છે, કે જો છાશવારે થતી બળાત્કારની ઘટનાથી બચવું હશે, તો હવે અન્ય પર આક્ષેપ નાખ્યાં વગર આપણી તરફ પણ વિચારવું પડશે. સ્ત્રીનાં એ સૌમ્ય ભાવને પાછો લાવવાની કોશિશ પણ કરવી પડશે, નહીતો સ્ત્રીનું અસ્તિત્વ કાયમ આ રીતે જોખમી પુરવાર થશે, અને તેની સાથે ગમે ત્યારે, ગમે તે થઈ શકે એનો ડર તેને સતત રહેશે. વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સૌ કોઈ આ મુદ્દે વિચારે, અને માતાથી શરૂ કરી પુત્રી કે પૌત્રી બધાનું પોતાના મૂળ સ્વભાવ એટલે સંવેદનાની ધરોહર, મમતાની મૂરત, લાગણીનો દરિયો, સમર્પણની પ્રતિકૃતિ અને સ્નેહનો પડઘો, પ્રેમની પરંપરા, આંગણાનો દીવો, આ બધાં જ ગુણોને કેળવીને સુલક્ષણા બનવા તરફ અગ્રેસર બનવું અનિવાર્ય છે. જય હિન્દ.

---

**રજાને દિવસે ખૂબ ખાવાનું અને ખૂબ સૂવાનું, આ તો કુંભકર્ણનોઅવતાર કહેવાય, આવું ન કરો! વીર થવાનો વાર રવિવાર છે, રજાના દિવસે બે માળા વધારે ફેરવો!**

# પ્રાર્થના એવી રીતે કરો કે બધુ જ ભગવાન ઉપર જ નિર્ભર છે, અને પ્રયત્ન એવી રીતે કરો કે બધુ જ તમારા ઉપર જ નિર્ભર છે!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાથર્મા પહેલો ધર્મ છે અને છેલ્લો મોક્ષ છે, ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામ રાખ્યા છે એટલે કે અર્થ અને કામ, ધર્મ અને મોક્ષની મયાદામાં રહીને મેળવવાં જોઇએ, માનવજીવનમાં અર્થ અને કામ ગૌણ છે, પરંતુ ધર્મ અને મોક્ષ એ પ્રધાન છે, તમારા જીવનમાં ધર્મ અને મોક્ષ ગૌણ બનશે, તો તમારું ગાડું અધોગતિ રૂપ ખાડામાં જશે.**

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરવા પ્રયત્ન કરીએ તો ગૃહસ્થાશ્રમએ ગાડું છે પતિ પત્ની પૈડા છે.આ ગાડા ઉપર શ્રીકૃષ્ણ પધરાવો.આ જીવન ગાડાના સારથિ શ્રીકૃષ્ણ છે, ઈન્દ્રિયો ઘોડા છે,શરીર રથ છે. પ્રભુને કહો, નાથ, તમારે શરણે આવ્યો છું.મારું શરીર રથના બે સારથિ બને તેને સીધે માર્ગે લઈ જાઓ.જેના શરીર રથ ના સારથિ ઈશ્વર બનતા નથી, તેના શરીરરથનો સારથિ મન બને છે અને મન સારથિ બને તો જીવન રથને ખાડા માં નાખે છે. તમારા ગાડા ઉપર પરમાત્મા વિરાજતા ન હોય તો આ ઈન્દ્રિય રૂપી ઘોડાઓ તમારા ગાડાને ખાડામાં નાખશે. કેટલાક સમજે છે કે, રજાને દિવસે ખૂબ ખાવાનું અને ખૂબ સૂવાનું. આ તો કુંભકણર્નોઅવતાર કહેવાય.આવું ન કરો!વીર થવાનો વાર રવિવાર છે. રજાના દિવસે બે માળા વધારે ફેરવો! રવિવારના દિવસે એક ભાઈએ કથામાં જવાનું નક્કી કર્યું તેવામાં બાબો રડવા લાગ્યો. એટલે બબલાની બાએ કહ્યું કે, બાબાને રડતો મૂકી કથામાં જશો તો શું પુણ્યમળશે? ભાઈએ ક્યાંય સાંભળેલું કે, કોઈ ના દિલને દુભાવવું નહીં,તો બબલાની બાનું દિલ કેમ દુભાવાય ?ભાઈએ કથામાં આવવાનું માંડી વાળ્યું. ઘરે રહીને વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ કર્યો હોત તો તો ઠીક હતું,પણ યાદ આવ્યું કે, આ છેલ્લું અઠવાડિયું છે અને ભાઈનું ગાડું કથામાં ન આવ્યું, પણ ફિલ્મ જોવા ગયું. ખાડામાં ગયું. પતિ પત્નીનો સંબંધ વિલાસ માટે નથી, પ્રભુભજન કરવા માટે છે. ગૃહસ્થના જીવનમાં ભોગ મુખ્ય નથી,ભગવાન મુખ્ય છે.ગાડું અવળા માર્ગે જાય,એટલે ભગવાન તમારું સંસારગાડું ઉથલાવે છે.ગાડા ઉપર ભગવાનને પધરાવવા જોઇએ, એને ગાડા નીચે ન રાખવા જોઈએ. યશોદાજીએ અવળું કર્યું. સંસારને માખણ, દહીં, દૂધ વગેરેને ગાડામાં રાખ્યાં અને ભગવાનને ગાડા અને ભગવાનને ગૌણ સ્થાન આપ્યું એટલે ગાડું ઉથલ્યું. તમે પણ ગાડા નીચે શ્રી કૃષ્ણને રાખશો તો શકટાસુર ગાડા ઉપર ચઢી બેસશે. કામ એ શકટા સુર છે,લોભ એ શકટાસુર છે.દહીં-દૂધએ પ્રતીક છે.જેના જીવનમાં શ્રીકૃષ્ણ ગૌણ છે તેના ગાડા ઉપર શકટાસુર ચડી બેસે છે. દાંપત્યજીવનમાં ધર્મ મુખ્ય છે, તેથી તો પત્નીને ધર્મપત્ની કહે છે. પૈસો અને વિલાસ પ્રથમ નથી, ધર્મ પ્રથમ છે. પૈસો જ સર્વસ્વ છે એમ સમજાવા માંડયું ત્યારથી જીવનમાં થી શાંતિ ગઈ છે. પૈસાને મુખ્ય ગણવાથી સદાચાર ગયો. પૈસા કરતાં વધારે સુખ સંયમ અને સદાચારથી મળે છે. ધર્મ,અર્થ,કામ અને મોક્ષ એ ચાર પુરુષાથર્મા પહેલો ધર્મ છે અને છેલ્લો મોક્ષ છે. ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામ રાખ્યા છે એટલે કે અર્થ અને કામ,ધર્મ અને મોક્ષની મયાર્દામાં રહીને મેળવવાં જોઈએ. માનવજીવનમાં અર્થ અને કામ ગૌણ છે. પરંતુ ધર્મ અને મોક્ષ એ પ્રધાન છે. તમારા જીવનમાં ધર્મ અને મોક્ષ ગૌણ બનશે,તો તમારું ગાડું અધોગતિ રૂપ ખાડામાં જશે. શકટાસુર છાતી ઉપર ચડી ન બેસે તેનો એક ઉપાય છે. એક સંતના મત પ્રમાણે શકટાસુરે લીલા કરી ત્યારે ભગવાન ૧૦૮ દિવસના હતા.તમારી છાતી ઉપર શકટાસુર એટલે કે કામ,ક્રોધ, લોભ વગેરે ચડી બેસે ત્યારે ૧૦૮ મણકાની માળા હાથમાં લેવી અને ભગવાનના નામની માળા ફેરવવી શકટા સુર હણાયો જ જાણો! ભગવાને ૧૦૮ દિવસ ગણ્યા, તેમ તમે પણ ૧૦૮ શક્યો એટલેકે માળા હાથમાં લો અને પ્રભુને મણકે મણકે આત્મ સમર્પણ કરતા જાઓ છે શકટાસુર શાંત થશે. માળા સાથે મૈત્રી ન કરો તો શકટા સુર માથે ચડી બેસશે. કામનો વેગ કોણે વેગ ખોળવો હોય તો પરમાત્માનો આશ્રય કરવો પડશે. એક દિવસ યશોદાજી બાલકૃષ્ણ ને ખોળામાં બેસાડી રમાડતાં હતાં ત્યાં લાલાનું વજન વધતું જતું લાગ્યું. વધતાં વધતાં લાલો એવો ભારે બની ગયો કે. યશોદાજી શ્રીકૃષ્ણને ત્યાં મૂળી ઘરકામમાં લાગ્યાં.તે વખતે તૃણાવર્ત નામનો રાક્ષસ વંટોળિયાનું રૂપ ધરીને આવ્યો અને શ્રીકૃષ્ણનું હરણ કરી આકાશમાં ચઢી ગયો. ભગવાન એવા ભારે બની ગયા કે તૃણાવર્ત એમને ઝાલી રાખી શકયો નહીં,ને ભગવાને જ એને ઝાલ્યો, એવો ઝાલ્યો કે તૃણાવર્ત ના પ્રાણ ઊડી ગયા. તૃણનો વંટોળિયોએ તૃણાવર્ત. તૃણાવર્ત એટલે રજોગુણના વંટોળ. કામ અને ક્રોધ એ રજા ગુણના પુત્ર છે. રજોગુણ મનમાં આવે એટલે મન ચંચળ થાય. તૃણાવર્ત રૂપી વંટોળિયો આ ખાલે મન ચંચળ થાય.બુદ્ધિ ઈશ્વર થી વિમુખ બને એટલે તૃણાવર્ત આવ્યો એમ કહેવાય. સંસારનું સૌંદર્ય નિહાળવામાં સુખ લાગે એટલે આંખમાં તૃણાવર્ત બેઠો એમ માનવું અને તે પછી ભગવાન ખાતા બંધ થાય. શ્રીકૃષ્ણ ધીરે ધીરે હવે મોટા થયા. હવે ઘુંટણીએ ચાલતા એ ગૌશાળામાં આવે છે.એક ગાયને બે ત્રણ દિવસનો વાછરડો હતો. વાછરડો હમ્મા હમ્મા કરે ત્યારે શ્રીકૃષ્ણ મૈયા મૈયા કરે છે. કનૈયો વાછરડાને છોડતો નથી. ગાયો આનંદમાં વાછરડાને ભૂલી જાય અને વહાલથી કનૈયાને ચાટે છે. યશોદાને ખાતરી થઈ કે,ગાયો ના આશિષથી આપણને દીકરો થયો છે. કનૈયો તો ગાયો સાથે રમે. ગાયનું પૂછડું પકડીને કનૈયો ઊભો થવા જાય. આથી તેનું હુલામણું નામ પડયું વત્સ,પુચ્છા વલંબનમ્ (વાછરડા પૂંછડાનો ટેકો લેનારો). એક વખત યશોદાજી લાલાને ધવડાવતાં તેનું સુંદર મુખ નિહાળે છે. માનો પ્રેમ હોય ત્યારે ભગવાન ખૂબ ધાવે છે.બાળક બહુ ધાવે તો માને ચિંતા થાય છે.વધારે ધાવશે તો અપચો થશે.કનૈયો બહુ ધાવે છે. યશોદાને ચિંતા થાય છે. પ્રભુ કહે છેઃ હું બહુ ધાવું, પણ તારું દૂધ હું એકલો પીતો નથી. મારા સુખમાં રહેલું સંપૂર્ણ વિશ્વ તેનું પાન કરે છે. તેવામાં શ્રી કૃષ્ણે બગાસું ખાધું. પ્રભુએ યશોદાને એ મુખમાં બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં! કનૈયો કહે છે,મા તું એકલાને ધવડાવતી નથી. તું સમસ્ત બ્રહ્માંડ ને ધવડાવે છે. ભગવાને સુદામાને અખૂટ સંપત્તિ આપી ત્યારે યમરાજને દુઃખ થયું. તેણે ભગવાનને કહ્યું કે, સુદામાના નસીબમાં દારિદ્રયનો યોગ છે. તેના ભાગ્યમાં શ્રી ક્ષયઃ લખ્યું છે. તો આપે સુદામાને આટલું ઐશ્વર્ય કેમ આપ્યું?તમે આવું કરશો તો જગતમાં કર્મમયાર્દા રહેશે નહીં. ત્યારે પ્રભુએ યમરાજાને કહ્યું,જો ભાઈ,હું વેદની કર્મ મયાર્દા તોડતો નથી. જે મને જમાડે છેતે સમસ્ત બ્રહ્માંડને જમાડે છે. મૂઠી પૌવા આપી સુદામાએ સમસ્ત બ્રહ્માંડ ને જમાડયું છે. એ કેમ વૃથા થાય? આમ ભગવાન કર્મની મયાર્દા તોડતા નથી.યશોદાને પ્રભુએ કહ્યું મા,તું મને તૃપ્ત કરતી નથી, સમસ્ત બ્રહ્માંડને તૃપ્ત કરે છે.તે પછી ગગાર્ચાર્ય નામકરણ સંસ્કારની વિધિ કરવા આવે છે. સંસ્કારથી મન શુદ્ધ થાય છે, વસ્તુમાં રહેલો દોષ સંસ્કાર કરવાથી દૂર થાય છે. શાસ્ત્રમાં સોળ સંસ્કાર બતાવ્યા છે. આજકાલ તો બધા સંસ્કાર ભૂલાઈ ગયા છે.સંસ્કારનો લોપ થતો જાય છે,એટલે દેશ દુઃખી છે. અન્નપ્રાશન, મધુપ્રાશન, નામ સંસ્કરણ,જનોઈ વગેરે સોળ સંસ્કાર છે. જીવને શુદ્ધ કરવા સંસ્કારની જરૂર છે. આજકાલ ધાર્મિક વિધિને મહત્વ આપવામાં આવતું નથી,કેવળ લૌકિકને મહત્ત્વ આપવામાં આવે છે. ગગાર્ચાર્યની પરીક્ષા કરવા રોહિણીની ગોદમાં શ્રીકૃષ્ણ અને યશોદાની ગોદમાં બળરામને રાખ્યા છે. ગગાર્ચાર્યે નંદબાબાને કહ્યુંઃ બાબા રોહિણીની ગોદમાં છે તે તમારો પુત્ર છે,તે તો રંગ બદલતો આવ્યો છે. આ વખતે તેણે શ્યામ વર્ણ ધારણ કર્યો છે. તે સવર્નાં મનને આકર્ષી લેશે.તે સર્વને આનંદ આપશે. તેથી તેનું નામ શ્રીકૃષ્ણ રાખો. તેના જન્માક્ષર બહુ સારા છે.એ મહાજ્ઞાની અને મહાયોગી થશે.પાંચ ગ્રહો ઉચ્ચ માં પડયા છે.જન્મકુંડળીમાં આઠ ગ્રહો ખૂબ સારા છે, પણ એક ગ્રહ રાહુ ખરાબ પડયો છે. નંદબાબા ગભરાય છે.રાહુ ખરાબ પડયો છે, એટલે શું થશે? ગગાર્ચાર્ય કહે છેઃતેમાં કાંઈ બીવા જેવું નથી. જેના સપ્તમ્ સ્થાનમાં નીચ ક્ષેત્રમાં રાહુ હોય તે અનેક સ્ત્રીઓનો ધણી થાય છે. નંદબાબા કહે છેઃમને એક બ્રાહ્મણે એવો આશીર્વાદ આપ્યો છેકે,તમારા લાલાને સોળ હજાર રાણીઓ થશે. ગગાર્ચાર્યઃબાબા, વધારે શું કહું? કનૈયો નારાયણ જેવો છે, નારાયણ સમાન છે. સનાતન ગોસ્વામી અર્થ કરે છે કે, નારાયણ જેવો શ્રીકૃષ્ણ છે એમ કહો તો નારાયણ શ્રેષ્ઠ ઠરે છે. માટે નારાયણ સમાન શ્રીકૃષ્ણ નહીં, પણ શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે એમ કહેવું જોઈએ. વૃંદાવનના સાધુઓએ નારાયણ સમાન નહીં,પણ નારાયણ શ્રી કૃષ્ણ જેવા છે એવો અર્થ કર્યો છે. નારાયણ સમાન શ્રીકૃષ્ણ છે, તેમાં નારાયણ મુખ્ય અને શ્રી કૃષ્ણ ગૌણ છે.શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે તેમાં શ્રીકૃષ્ણ મુખ્ય અને નારાયણ ગૌણ છે. શ્રીકૃષ્ણ અને નારાયણમાં કાંઈ ફેર નથી. આ કેવળ પ્રેમનો મધુર કલહ છે.શ્રી કૃષ્ણ સમાન નારાયણ છે, આવો અર્થ કરીએ છે તો શ્રીકૃષ્ણ પ્રદાન અને નારા યણ ગૌણ બને છે. નારાયણમાં સાત ગુણ છેજ્યારે મુરલીમનોહર કૃષ્ણમાં ચૌસઠ ગુણો છે. વાચક ચાહક મિત્રો,ગરમી વચ્ચે ઠંડીનો અહેસાસ થઈ રહયો છે ને? બસ કુદરતની શક્તિ જ આ છે.. આપણે સૌ કુદરતી સંપત્તિનું જતન કરી પર્યાવરણને બગડતું અટકાવવા પ્રયત્ન કરીએ તેવી આશા સહ અસ્તુ.

### હું છું રિયલ લાઈફ પોપટલાલ : તનુજ

# ૪૪ વર્ષની ઉંમરમાં પણ હજુ કુંવારો છે

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ટીવીનો મોસ્ટ પોપ્યુલર શો છે. શો ના દરેક પાત્રને ચાહકોનો ભરપૂર પ્રેમ મળી રહ્યો છે. હવે આ શો માં મિસ્ટર અય્યરનું પાત્ર ભજવનારા એક્ટર તનુજ મહાશબ્દે પોતાની રિયલ લાઈફ સાથે સબંધિત એક મોટી વાત ચાહકો સાથે શેર કરી છે. તનુજે જણાવ્યું કે, 'હું રિયલ લાઈફમાં પોપટલાલ છું.' હકીકતમાં શો માં પોપટલાલના લગ્ન નથી થઈ રહ્યા. પરંતુ તનુજના રિયલ લાઈફમાં લગ્ન નથી થઈ રહ્યા. તેથી તેણે ખુદને રિયલ લાઈફ પોપટલાલ ગણાવ્યો છે. તનુજ ૪૪ની ઉંમરમાં પણ કુંવારો છે. એક્ટરે પોતાના લગ્ન અંગે વાત કરતા જણાવ્યું કે, 'હાં, સ્ક્રીન પર મારી સુંદર પત્ની છે, પરંતુ રિયલ લાઈફમાં હું હજુ સુધી કુંવારો છું. હું રિયલ લાઈફમાં પોપટલાલ છું. મારા હજુ સુધી લગ્ન નથી થયા, પરંતુ હવે જ્યારે હું આ અંગે વાત કરી રહ્યો છું, તો આશા કરું છું કે, ટૂંક સમયમાં કંઈક પોઝિટિવ થઈ જશે.'એક્ટરને પૂછવામાં આવ્યું કે, શું વ્યસ્ત પ્રોફેશનલ લાઈફના કારણે તમે પર્સનલ લાઈફ પર ફોકસ નથી કરી શકતા? આ સવાલનો જવાબ આપતા તેણે કહ્યું કે, 'કદાચ, મને તેનું કારણ નથી ખબર.' તનુજ મહાશબ્દેએ જેઠાલાલ એટલે કે દિલીપ જોશી સાથે કામ કરવાના પોતાના અનુભવ પર પણ વાત કરી. એક્ટરે કહ્યું કે, 'શો ની શરૂઆતમાં સાઉથ ઈન્ડિયનનો



રોલ પ્લે કરવો મારા માટે ખૂબ મુશ્કેલ હતું. શરૂઆતમાં હું ખૂબ જ ઝડપથી બોલતો હતો, પરંતુ પછી દિલીપ જોશીએ મારી મદદ કરી. અસિત ભાઈએ પણ મારી મદદ કરી હતી.' ''તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'' માં શ્રી ઐયરની ભૂમિકા ભજવવા માટે જાણીતા તનુજ મહાશબ્દે , ચેન્નાઈ સ્થિત વૈજ્ઞાનિક અને મુનમુન દત્તા દ્વારા ભજવવામાં આવેલી બબીતાના પતિ કૃષ્ણન સુબ્રમણ્યમ ઐયરની ભૂમિકા ભજવે છે. વધુમાં, તેમનું પાત્ર ગોકુલધામ સોસાયટીના ખજાનચી તરીકે સેવા આપે છે. તાજેતરમાં, તનુજે તેમના સિંગલ સ્ટેટસ વિશે ખુલાસો કર્યો . તેમણે મજાકમાં કહ્યું, ''હું વાસ્તવિક જીવનનો પોપટલાલ છું .'' સિંગલ હોવા વિશે બોલતા, તેમણે કહ્યું, ''હાં સ્ક્રીન પર સુંદર બીવી હૈ પણ પર્સનલ લાઈફ મેં અબ તક કુંવારા હૂં. મૈં રિયલ લાઈફ કા પોપટલાલ હૂં.'' (હસે છે). મેં અભિ તક અપરિણીત હૂં પરંતુ હવે જ્યારે હું ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરી રહ્યો છું ત્યારે આશા છે કે કંઈક સકારાત્મક બનશે.'' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમના વ્યસ્ત કાર્ય શેડ્યૂલને કારણે તેમના અંગત જીવન માટે સમય નથી, ત્યારે તેમણે જવાબ આપ્યો, ''કદાચ... મને કારણ ખબર નથી.'' ઈન્ટરવ્યૂમાં, અભિનેતાએ દિલીપ જોશી સાથેના તેમના કામના અનુભવ વિશે વાત કરતા કહ્યું, ''જ્યારે શો શરૂ થયો ત્યારે મારા માટે દક્ષિણ ભારતીય પાત્ર ભજવવું ખૂબ જ પડકારજનક હતું.

રાહુલ મોદીને ડેટ કરી રહી છે | શ્રદ્ધા કપૂર પોતાના અંગત જીવનને કારણે વધુ ચર્ચામાં

# બ્રેકઅપની ચર્ચા વચ્ચે શ્રદ્ધા કપૂરે રાહુલ મોદી સાથે જ બર્થડે સેલીબ્રેટ કરતી દેખાઈ

આજકાલ શ્રદ્ધા કપૂર પોતાની ફિલ્મો કરતાં પોતાના અંગત જીવનને કારણે વધુ ચર્ચામાં છે. તેણીએ તાજેતરમાં જ તેનો જન્મદિવસ તેના કથિત બોયળેન્ડ રાહુલ મોદી સાથે ઉજવ્યો. તે ગેટવે ઓફ ઈન્ડિયા પાસે જોવા મળ્યો હતો, જેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. અભિનેત્રીના કેટલાક ચાહકો પણ ગુસ્સે થઈ રહ્યા છે. સ્ત્રી ૨ની સફળતા પછી શ્રદ્ધાનો ગોલ્ડન પીરીયડ ચાલી રહ્યો છે.શ્રદ્ધા કપૂરે ભલે સત્તાવાર રીતે તેની જાહેરાત ન કરી હોય, પણ એ વાત જાણીતી છે કે તે રાહુલ મોદીને ડેટ કરી રહી છે. તાજેતરમાં તેમના બ્રેકઅપના સમાચાર આવ્યા પછી, આ દિવસોમાં તેઓ સતત સાથે જોવા મળે છે. હવે શ્રદ્ધાએ પણ ૩ માર્ચે તેનો જન્મદિવસ તેની સાથે ઉજવ્યો. બંનેને ગેટવે ઓફ ઈન્ડિયા પાસે જોવામાં આવ્યા હતા. તેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.શ્રદ્ધા કપૂરે ૩ માર્ચે તેના કથિત બોયળેન્ડ રાહુલ મોદી સાથે તેનો ૩૮મો જન્મદિવસ ઉજવ્યો. શહેરની ધમાલથી દૂર, બંનેએ આ ખાસ દિવસ મુંબઈની બહાર વિતાવવાનું નક્કી કર્યુ. સોમવારે તેમને ગેટવે ઓફ ઈન્ડિયા પર મુંબઈ પાછા ફરતા જોવા મળ્યા. આ પહેલા શ્રદ્ધા અને રાહુલે અમદાવાદમાં એક લગ્ન સમારંભમાં પણ સાથે હાજરી આપી હતી. તેણે ગોલગપ્પા ખાતા પોતાનો ફોટો શેર કર્યો. કેટલાક વીડિયો પણ સામે આવ્યા હતા જેમાં રાહુલ પણ તેની સાથે જોવા મળ્યા હતા. શ્રદ્ધા કપૂરે તેના ૩૮મા જન્મદિવસની કથિત બોયફ્રેન્ડ રાહુલ મોદી સાથેની મજેદાર



તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી. શ્રદ્ધા કપૂરે ૩ માર્ચે પોતાના કથિત બોયફ્રેન્ડ રાહુલ મોદી સાથે પોતાનો ૩૮મો જન્મદિવસ ઉજવ્યો . તેઓ અલીબાગથી બોટમાં મુંબઈ પાછા ફરતા જોવા મળ્યા. હવે, અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર પોતાના ખાનગી જન્મદિવસની ઉજવણીની એક ઝલક શેર કરી છે. બુધવારે, શ્રદ્ધાએ ઈન્સ્ટાગ્રામ પર તેના જન્મદિવસની ઉજવણીની કેટલીક તસવીરો શેર કરી. અભિનેત્રીએ મુંબઈથી દૂર તેના બોયફ્રેન્ડ રાહુલ સાથે મજેદાર અને હૂંફાળું જન્મદિવસ માણ્યો હોય તેવું લાગે છે. પહેલા ફોટામાં શ્રદ્ધા કેમેરા સામે હસતી દેખાય છે કારણ કે તે તેના ખાસ દિવસ માટે ચોકલેટ કેક કાપવા માટે તૈયાર થઈ રહી છે.

### કુબ્રા સૈતે પોતે વાતની પુષ્ટિ કરી છે

# ફિલ્મ 'રામાયણ'માંથી કુબ્રા સૈતેની બાદબાકી


### ફિલ્મ 'એનિમલ' ની સફળતા પછી, રણબીર કપૂર તેની આગામી બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રામાયણ' માટે હેડલાઇન્સમાં છે

ફિલ્મ 'એનિમલ' ની સફળતા પછી, રણબીર કપૂર તેની આગામી બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રામાયણ' માટે હેડલાઈન્સમાં છે. તાજેતરમાં જ એક બોલિવૂડ અભિનેત્રીએ આ ફિલ્મ વિશે મોટો ખુલાસો કર્યો અને કહ્યું કે તેણે આ ફિલ્મ માટે ઓડિશન આપ્યું હતું,રણબીર કપૂર લાંબા સમયથી તેની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'રામાયણ' માટે હેડલાઈન્સમાં છે, જેનું શૂટિંગ પણ ચાલી રહ્યું છે. સમય જતાં, આ ફિલ્મ સાથે સંબંધિત કેટલીક નવી માહિતી બહાર આવતી રહે છે. આ ફિલ્મમાં ઘણા કલાકારો મોટા પડદા પર સાથે જોવા મળશે. થોડા દિવસો પહેલા સમાચાર આવ્યા હતા કે 'સેક્રેડ ગેમ્સ'માં કુકુનું પાત્ર ભજવનાર ૪૨ વર્ષીય અભિનેત્રી કુબ્રા સૈતે ફિલ્મમાં શૂર્પણખાના પાત્ર માટે ઓડિશન આપ્યું છે. હવે કુબ્રા સૈતે પોતે આ વાતની પુષ્ટિ કરી છે. તેણે કહ્યું કે ઓડિશન આપવા છતાં, તેને આ ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યો ન હતો. કુબ્રા કહે છે કે તે આ ભૂમિકા માટે યોગ્ય હતી, પરંતુ તેમ છતાં નિર્માતાઓએ બીજા કોઈને કાસ્ટ કર્યો. બોલિવૂડ બબલને આપેલા ઈન્ટરવ્યુમાં, કુબ્રાએ આ અંગે રમુજી રીતે પ્રતિક્રિયા આપી અને કહ્યું, 'મારા નાકને કારણે, હું શૂર્પણખાની ભૂમિકા માટે યોગ્ય હતી.' હું આ ભૂમિકામાં સંપૂર્ણ રીતે ફિટ થઈ શકી હોત , પણ મને કાસ્ટ કરવામાં આવી નહીં.કુબ્રાએ એમ પણ કહ્યું કે હવે તે જાણવા માટે ઉત્સુક છે



કે આ ભૂમિકા કોને મળી છે. તેમના રમુજી જવાબ પર ચાહકો પણ ઘણી પ્રતિક્રિયા આપી રહ્યા છે. આ ફિલ્મમાં ઘણા મોટા કલાકારો જોવા મળશે. ઈન્દિરા કૃષ્ણને એક યુટ્યુબ ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તે માતા કૌશલ્યાનું પાત્ર ભજવી રહી છે. રણબીર કપૂર ભગવાન રામની ભૂમિકામાં જોવા મળશે, જ્યારે સાઈ પલ્લવી માતા સીતાની ભૂમિકા ભજવશે. કન્નડ સુપરસ્ટાર યશ રાવણની ભૂમિકા ભજવશે. આ સિવાય રવિ દુબે લક્ષ્મણનું પાત્ર ભજવી શકે છે.

# અક્ષયએ ભાણેજ સિમર ભાટિયા સાથે મળીને કાર્યક્રમમાં લુટી મહેફિલ




### સિમર શ્રીરામ રાઘવનની ફિલ્મ 'ઇક્કિસ'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે

અક્ષય કુમારે તેની ભાણેજ સિમર ભાટિયા સાથે એક કાર્યક્રમમાં હાજરી આપી હતી, જે ટૂંક સમયમાં શ્રીરામ રાઘવનની ફિલ્મ '૨૧' થી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. લોકો સિમરની તુલના કેટરિના કૈફ સાથે કરી રહ્યા છે અને તેના વખાણ પણ થઈ રહ્યા છે.બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર ઈન્ડસ્ટ્રીમાં અજાયબીઓ કરી રહ્યા છે. હવે, તે પોતાના પરિવારના સભ્યોને પણ ઉદ્યોગમાં રજૂ કરી રહ્યો છે. સિમર ભાટિયા હવે શ્રીરામ રાઘવનની ફિલ્મ 'ઈક્કિસ'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે તે ૩ માર્ચની રાત્રે એક કાર્યક્રમમાં પહોંચ્યો હતો. જ્યાંથી તેના ઘણા વીડિયો બહાર આવ્યા. અક્ષયે ભાણેજ સિમર સાથે એક કાર્યક્રમમાં હાજરી આપી એકમાં, તે તેની કથિત ભૂતપૂર્વ ગર્લળેન્ડ શિલ્પા શેટ્ટી સાથે સ્ટેજ પર પરફોર્મ કરતો જોવા મળ્યો હતો. તે જ સમયે, બીજો એક વીડિયો સામે આવ્યો છે, જેને જોઈને લોકોને જૂની કેટરિના કૈફ યાદ આવી ગઈ. ખરેખર, અક્ષય કુમાર તેની ભાણેજ સિમર ભાટિયા સાથે જોવા મળ્યો હતો. બંનેએ ઈવેન્ટમાં સફેદ પોશાક પહેર્યા હતા, જે થીમ અનુસાર હતા. વાયરલ ક્લિપ્સમાં, અક્ષય તેની ભત્રીજીનો હાથ પકડીને ફોટો બૂથ તરફ ચાલતો જોવા મળ્યો. પણ નજર પહેલાથી જ તેના પર ટકેલી હતી.સિમર ભાટિયા અક્ષય કુમારની ભાણેજ છે. તે અભિનેતાની બહેન અલકા ભાટિયાની પુત્રી છે, જે એક ફિલ્મ નિર્માતા છે. તેણીએ ૧૯૯૭ માં વૈભવ કપૂર સાથે લગ્ન કર્યા અને તેમના પહેલા સંતાન તરીકે એક પુત્રીને જન્મ આપ્યો. જોકે, બાદમાં અલકા અને વૈભવ અલગ થઈ ગયા. અને ૨૦૧૨ માં, અભિનેતાની બહેને રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિ સુરેન્દ્ર હીરાનંદાની સાથે લગ્ન કર્યા. સિમર ભાટિયા હવે શ્રીરામ રાઘવનની ફિલ્મ 'ઈક્કિસ'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે. આમાં તે અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદા સાથે રોમાન્સ કરશે. ધર્મેન્દ્ર અને જયદીપ અહલાવત પણ જોવા મળશે. આ ફિલ્મ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધના સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલની વાર્તા કહે છે.

### દરેક બાયોપિકની જાહેરાત પર દર્શકોનો એક જ પ્રશ્ન

# બોલિવૂડનો બાયોપિક પ્રેમ કેટલો સફળ કેટલો નિષ્ફળ?

### ભારતમાં જો કોઈ સફળ બાયોપિકની વાત કરવામાં આવે તો, તેની શરૂઆત ૧૯૮૨માં આવેલી 'ગાંધી'થી થાય છે

બાયોપિક અને બાયોગ્રાફિકલ ફિલ્મ એ બોલિવૂડની સૌથી મન ગમતી જોનર છે. બાયોપિકની વ્યાખ્યા જ એવી છે કે, એક એવી ફિલ્મ જેમાં એક વાસ્તવિક વ્યક્તિના જીવનને નાટકીય રીતે દર્શાવવામાં આવે. જેમાં એક ચોક્કસ વ્યક્તિના જીવનની ચોક્કસ ઘટનાઓને કેન્દ્રમાં રાખીને ફિલ્મ બનાવવામાં આવે છે. તેના માટે જે-તે વ્યક્તિ પાસેથી તેના જીવનની ઘટનાઓને ક્રિએટિવ રીતે દર્શાવવાની મંજુરી લેવામાં આવે છે. જો હિન્દી ફિલ્મોમાં બાયોપિક પ્રકારની ફિલ્મોની વાત કરવામાં આવે તો તે બોલિવૂડનો સૌથી મનગમતો જોનર છે. અત્યાર સુધીમાં વિવિધ વ્યક્તિઓના જીવન પર લગભગ ૨૫૦થી પણ વધુ ફિલ્મો બની છે. તેમાં એક્શન કે યુદ્ધ કે સૈનિકોના જીવન પર આધારીત, ખેલાડીઓના જીવન પર, ઈતિહાસની ઘટનાઓ કે વ્યક્તિઓ પર, ગેંગસ્ટર્સ પર, બિઝનેસ મેન પર, ઈતિહાસની ક્રૂર કે ગંભીર ઘટનાઓ કે તેના સાક્ષી બનેલાં લોકો પર, સંગીતકારો-કલાકારોના કે રાજકારણીઓના જીવન પર કે પછી સામાન્ય વ્યક્તિઓના અસમાન્ય જીવન પર બાયોપિક બની ચૂકી છે. જ્યારે પણ કોઈ બાયોપિકની જાહેરાત થાય ત્યારે કોઈ પણ વિવેચક કે ફિલ્મ રસિકના મનમાં એવા જ પ્રશ્ન હોય છે કે આ ફિલ્મમાં એક વ્યક્તિના વાસ્તવિક જીવનને કેટલું તટસ્થતાથી ન્યાય થશે, તેમાં કેટલી વાસ્તવિકતા હશે અને કેટલી ક્રિએટિવ લીડમના નામે ઉમેરાયેલી કલ્પનાઓ હશે? જો વાસ્તવિક અને તટસ્થ રાખીને ફિલ્મને રસપ્રદ બનાવવામાં રાઈટર અને ડિરેક્ટર કેટલા સફળ થયાં? કે પછી કોઈની મજાક કરવા, કોઈની છબિ ખરાબ ચિતરવા કે કોઈ સામાન્ય વ્યક્તિને હિરો બનાવી દેવા માટે જ ફિલ્મ બનાવવામાં આવી હશે?ભારતમાં જો કોઈ સફળ બાયોપિકની વાત કરવામાં આવે તો, તેની શરૂઆત ૧૯૮૨માં આવેલી 'ગાંધી'થી થાય છે. તેના પછી મહાત્મા ગાંધીના જીવન પર, તેમના જીવનની ઘટનાઓ પર કે અન્ય ફિલ્મોમાં ગાંધીનું પાત્ર હોય તેવી અનેક ફિલ્મો આવી પરંતુ બેન કિંગ્સ્લે જેવા બીજા કોઈ ગાંધી અસરકારક સાબિત થયા નથી. આ સિવાય૧૯૯૩માં આવેલી લોખંડી પુરુષ વલ્લભ ભાઈ પટેલ પરની ફિલ્મ 'સરદાર'પણ લોકપ્રિય થઈ હતી.આવી મહદંશે સફળ બાયોપિકમાં નવાઝુદીન સિદ્દિકીની 'મંટો' અને 'ઠાકરે'માં તેનો અભિનય વખણાયો હતો. વિકી કૌશલની 'સામ બહાદુર' અને 'સરદાર ઉધમ', પ્રિયંકા ચોપરાની 'મેરી કોમ', ફરહાન અખ્તરની જીવ મિલ્ખા સિંગના જીવન પર આધારીત 'ભાગ મિલ્ખા ભાગ', સુશાંત સિંઘ રાજપૂતની 'એમ.એસ.ધોની', ઈરફાન ખાનની 'પાનસિંઘ તોમર', મુરલીકાંત પેટકરના જીવન પર આધારીત કાર્તિક આર્યનની 'ચંદુ ચેમ્પિયન' જેવી ફિલ્મો જાણીતી છે. આ ઉપરાંત 'ગંગુબાઈ કાઠિયાવાડી', મજર વિક્રમ બત્રા પર 'શેરશાહ', 'ગુંજન સક્સેના', સંજય દત્ત પર 'સંજુ', ફોગટ બહેનો પરની 'દંગલ', 'નીરજા', સિલ્ક સ્મિતા પર 'ધ ડર્ટી પિક્ચર', રસોઈના રાણી'તરલા', મેથ્સ એક્સપર્ટ 'શકુંતલા દેવી', 'બોઝઃ ધ ફર્ગોટન હિરો', ભગતસિંહ પરની કેટલીક ફિલ્મો પણ લોકપ્રિય થયેલી છે.



'બિગ બોસ ૧૩' સ્પર્ધક માહિરા શર્મા-ક્રિકેટર મોહમ્મદ સિરાજ વચ્ચેના અફેર હેડલાઇન્સમાં

# માહિરા અને ક્રિકેટર સિરાજ વચ્ચે મિત્રતાથી વિશેષ સંબંધ

ઘણીવાર કોઈને કોઈ અભિનેત્રી અને ક્રિકેટરના નામ એકબીજા સાથે જોડાયેલા હોય છે. તાજેતરમાં, આ ૨૨ વર્ષીય અભિનેત્રી સાથે પણ કંઈક આવું જ થઈ રહ્યું છે, જેના અફેરના સમાચાર ઝડપથી ફેલાઈ રહ્યા છે, જેના પછી અભિનેત્રીએ પોતાનું મૌન તોડવું પડ્યું અને સ્વીકારવું પડ્યું કે અમે સારા મિત્રો છીએ, આવું કશું નથી.ઘણા સમયથી, પ્રખ્યાત 'બિગ બોસ ૧૩' સ્પર્ધક માહિરા શર્મા અને ક્રિકેટર મોહમ્મદ સિરાજ વચ્ચેના અફેર હેડલાઈન્સમાં છે. અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે બંને એકબીજાને ડેટ કરી રહ્યા છે પરંતુ તેઓ હજુ સુધી તેમના સંબંધોને જાહેર કરવા માંગતા નથી. આ અહેવાલો વચ્ચે, માહિરાનો એક ઈન્ટરવ્યુ બહાર આવ્યો જેમાં તેણે સ્પષ્ટતા કરી કે તેનો મોહમ્મદ સિરાજ સાથે કોઈ સંબંધ નથી.તેણીએ આ અફવાઓને સંપૂર્ણપણે ખોટી ગણાવી અને કહ્યું કે તે આવી બાબતો પર ધ્યાન આપવા માંગતી નથી. તાજેતરમાં, એક ઈન્ટરવ્યુમાં, માહિરાએ મોહમ્મદ સિરાજ સાથેના તેના અફેરની અફવાઓ વિશે ખુલ્લેઆમ વાત કરી. તેમણે કહ્યું કે લોકો ઘણીવાર તેમને વિવિધ સેલિબ્રિટીઝ



અથવા તેમના સહ-કલાકારો સાથે જોડે છે. ઘણી વખત તેના નામે વીડિયો એડિટ કરીને સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવે છે, જેને તે રોકી શકતી નથી. દરમિયાન, માહિરાની માતા સાનિયાએ પણ કહ્યું કે તેમની પુત્રી કુંવારી છે અને તેની ખ્યાતિને કારણે તેનું નામ ઘણા સ્ટાર્સ સાથે જોડાયું છે. માહિરાને 'બિગ બોસ ૧૩' થી જબરદસ્ત ઓળખ મળી. શોમાં પારસ છાબરા સાથેની તેની જોડી ખૂબ જ પસંદ કરવામાં આવી હતી. શો દરમિયાન તેમના અફેરની પણ ચર્ચા થઈ હતી. પણ તેણે તેને મિત્રતા કહી. 'બિગ બોસ' પછી પણ, માહિરા અને પારસ લાંબા સમય સુધી સારા મિત્રો રહ્યા.

આ ઘર ૮૮ ચોરસ ફૂટનું છે | આ એપાર્ટમેન્ટ શક્તિ કપૂરને તેમની પુત્રી શ્રદ્ધા કપૂરે ભેટમાં આપ્યું હતું

# ભેટમાં આપેલો ફ્લેટ શક્તિ કપૂરે ૬ કરોડમાં વેચી દીધો

અભિનેતા શક્તિ કપૂર આમેય સમાચારમાં રહે છે. એવા અહેવાલો છે કે તેમણે પોતાનો એપાર્ટમેન્ટ ૬.૧૧ કરોડ રૂપિયામાં વેચી દીધો છે. આ એપાર્ટમેન્ટ મુંબઈના જુહુમાં સિલ્વર બીચ હેવન કો-ઓપરેટિવ સોસાયટીમાં હતું. દસ્તાવેજો અનુસાર, આ ઘર ૮૮ ચોરસ ફૂટનું છે. સ્ટેમ્પ ડ્યુટી રૂ. ૨૬.૬૬ લાખ છે અને નોંધણી ચાર્જ રૂ. ૩૦ હજાર છે. આ એપાર્ટમેન્ટ શક્તિ કપૂરને તેમની પુત્રી શ્રદ્ધા કપૂરે ભેટમાં આપ્યું હતું. શરૂઆતમાં તે આ ઘરમાં ૫૦ ટકા શેરહોલ્ડર હતી. બાકીનો અડધો ભાગ શક્તિની પત્ની શિવાંગી કપૂરના નામે હતો. પછી શ્રદ્ધા અને શિવાંગીએ પોતાનો હિસ્સો શક્તિને ટ્રાન્સફર કર્યો. શક્તિ કપૂરે પણ આ ઘર વેચતા પહેલા ભાડે આપ્યું હતું.કામના મોરચે, શક્તિ કપૂર છેલ્લે ફિલ્મ ''એનિમલ'' માં જોવા મળ્યા હતા.



શક્તિ કપૂર તેમના કોમેડી પાત્રો માટે જાણીતા છે. આ ઉપરાંત, તેમણે ખલનાયકની ભૂમિકામાં પણ ઊંડી છાપ છોડી છે. ગોવિંદા સાથે તેની જોડી ખૂબ જ સફળ રહી. શક્તિ રાજા બાબુ, અંદાજ અપના અપના, ચાલબાઝ જેવી ફિલ્મો માટે જાણીતા છે.શ્રદ્ધા વિશે વાત કરીએ તો, તે છેલ્લે ફિલ્મ સ્ત્રી ૨ માં જોવા મળી હતી. તેમની આ ફિલ્મે બોક્સ ઓફિસના બધા રેકોર્ડ તોડી નાખ્યા. આ દિવસોમાં, તે તેના અંગત જીવનને લઈને સમાચારમાં છે. રાહુલ મોદી સાથે તેના અફેરના અહેવાલો છે. તાજેતરમાં, રાહુલ સાથેનો એક ફોટો તેના ફોનના વોલપેપર પર પણ જોવા મળ્યો હતો. બંને ઘણીવાર સાથે જોવા મળે છે. જોકે, શ્રદ્ધાએ રાહુલ સાથેના તેના સંબંધની પુષ્ટિ કરી નથી. બોલીવુડ અભિનેતા શક્તિ કપૂરે મુંબઈના જુહુ સ્થિત સિલ્વર બીચ હેવન કો-ઓપરેટિવ સોસાયટીમાં પોતાનો એપાર્ટમેન્ટ ૬.૧૧ કરોડ રૂપિયામાં વેચી દીધો છે. ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશનની વેબસાઈટ પર સ્ક્વેર યાર્ડ્સ દ્વારા સમીક્ષા કરાયેલા મિલકત નોંધણી દસ્તાવેજો અનુસાર, આ વ્યવહાર ડિસેમ્બર ૨૦૨૪ માં નોંધાયેલો હતો. મુંબઈના સૌથી પ્રતિષ્ઠિત અને લોકપ્રિય રહેણાંક વિસ્તારોમાંનો એક જુહુ, અનેક બોલિવૂડ સેલિબ્રિટીઓનું ઘર છે.

### કાનપુરમાં લાર્જ કેલિબર દારૂગોળા સંકુલનો શિલાન્યાસ

# ડિફેન્સ ક્ષેત્રે આત્મનિર્ભર ભારતનો પુનરોચ્ચાર કરતા ગૌતમ અદાણી

। અમદાવાદ, તા.૬ ।

ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ ડિફેન્સ ક્ષેત્રે આત્મનિર્ભર ભારતના લક્ષ્યનો પુનરોચ્ચાર કર્યો છે. બુધવારે કાનપુરમાં અદાણી ડિફેન્સ અને એરોસ્પેસની મુલાકાતે આવેલા ગૌતમભાઈએ આ મુલાકાતનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. એરોસ્પેસના વિવિધ એકમોની મુલાકાત દરમિયાન તેમણે અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી લીધી હતી. એટલું જ નહી, તેમણે એક હથિયાર વડે નિશાન પણ સાધ્યું હતું.

કાનપુર સ્થિત એરોસ્પેસ અદાણી ડિફેન્સ અને એરોસ્પેસ સંકુલમાં ગૌતમ અદાણીએ લાર્જ કેલિબર દારૂગોળા સંકુલ **(Large Caliber Ammunition Complex)** નો શિલાન્યાસ કર્યો હતો.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક વીડિયો પોસ્ટ કરતા ગૌતમ અદાણીએ લખે છે કે, "સંરક્ષણમાં ભારતની આત્મનિર્ભરતા પ્રત્યે અદાણી ટીમની અવિશ્વસનીય નવીનતા અને મજબૂત પ્રતિબદ્ધતાથી પ્રેરિત થયો છું. આત્મનિર્ભર ભારત તરફ શ્રેષ્ઠ પગલું! અમારું લક્ષ્ય મજબૂત અને આત્મનિર્ભર ભારત બનાવવા માટેની ક્ષમતાઓને આગળ વધારવાનું છે!"

**https://x.com/i/status/1897280082483261694**



ઉલ્લેખનીય છે કે કાનપુરમાં આવેલુ અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ દક્ષિણ એશિયાનું સૌથી મોટું સંકલિત દારૂગોળા ઉત્પાદન સુવિધા સંકુલ છે. કાનપુર નોડમાં ૨૫૦ એકરમાં બનેલા આ સંરક્ષણ કોરિડોરમાં પહેલા બુલેટ્સ, પછી દારૂગોળો અને તોપો સહિતના આધુનિક શસ્ત્રો વિવિધ તબક્કામાં બનાવવામાં આવશે.

અગાઉ કંપનીએ એરો ઈન્ડિયા ૨૦૨૫માં **DRDO** સાથે ભાગીદારીમાં વાહન-માઉન્ટેડ કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ પણ લોન્ચ કરી હતી. ભારતમાં જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ **(PPP)** દ્વારા વિકસાવવામાં આવેલી આ પહેલી સિસ્ટમ છે. આ સિસ્ટમને **DRDO** ના ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી ફ્રેમવર્ક હેઠળ વિકસાવવામાં અને આધુનિક યુદ્ધમાં ડ્રોનના વધતા જોખમનો સામનો કરવા ડિઝાઈન કરવામાં આવી છે.

### "ડાંગ દરબાર"ને લઈને જિલ્લા વહીવટી તંત્રે હાથ ધરી કામગીરી

# આગામી તારીખ ૯ થી ૧૨ માર્ચ દરમિયાન આહવાના આંગણે યોજાશે ભાતીગળ મેળો

। (માહિતી) ડાંગ, તા.૬ ।

ડાંગ જિલ્લાની ભાતીગળ લોક સંસ્કૃતિને ઉજાગર કરતાં 'ડાંગ દરબાર' નો ઐતિહાસિક લોકમેળા આગામી તા.૯ થી ૧૨ માર્ચ-૨૦૨૫ દરમિયાન આહવાના આંગણે યોજાનારા છે. ડાંગ જિલ્લા વહીવટી તંત્રે સમગ્ર લોકમેળાને વધુ લોકભોગ્ય બનાવવા, તથા તેના સૂચારુ આયોજન-વ્યવસ્થા બાબતે તૈયારીઓ આરંભી દીધી છે.

ડાંગ કલેક્ટર શ્રી રાજ સુથારના વડ પણ હેઠળ રચાયેલી જુદા જુદા વિભાગો/અધિકારીઓની કમિટિઓને સોપવામાં આવેલી વિવિધ કામગીરી હાલમાં ચાલી રહી છે. જેમાં હાલ જિલ્લાની મુખ્ય સંકલન સમિતિની કામગીરી સાથે સ્ટેજ-મંડપ અને બેઠક વ્યવસ્થા અને મહાનુભાવોના સ્વાગત માટેની સમિતિ, સાંસ્કૃતિ કાર્યક્મો માટેની સમિતિ, સફાઈ અને સેનિટેશન સમિતિ, પીવાના પાણીની વ્યવસ્થા, મનોરંજન માટેના પ્લોટ અને વાણિજ્ય પ્લોટની ફાળવણી, ટ્રાફિક નિયમન, રાજવીશ્રીઓને ચૂકવાતા પોલિટિકલ પેન્શનના ચૂંકવણા, મહાનુભાવોના લાયઝનીંગ સહિત રહેવા-જમવાની વ્યવસ્થા, આપતિ વ્યવસ્થાપન,



અને મેડિકલ સુવિધાઓ વિગેરે વિશે હાલ કામગીરી કરવામાં આવી રહેલ છે. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લાના પ્રજાજનોમા અદકેરું સ્થાન મેળવનારા રાજવીશ્રીઓનુ 'ડાંગ દરબાર'ના મેળા દરમિયાન ઐતિહાસિક પોલિટિકલ પેન્શન એનાયત કરવા સાથે, તેમનુ પરંપરાગત રીતે સ્વાગત/અભિવાદન કરવામા આવે છે. આ અવસરે રાજ્યના રાજ્યપાલશ્રી વિશેષ ઉપસ્થિત રહી આ પરંપરાને જાળવે છે. તે પૂર્વે રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમોની રમઝટ સાથે રાજવીશ્રીઓની ભવ્ય શોભાયાત્રા પણ આયોજિત કરવામાં આવે છે. જ્યારે મેળાના દિવસો દરમિયાન દરરોજ સાંજે રંગ ઉપવનના રંગમંચ ઉપર રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવે છે.

### મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે કોમ્યુનિટી અર્બન ફોરેસ્ટનું લોકાર્પણ કરાયું

# AMC દ્વારા પીપીપી મોડેલ હેઠળ ૨૦૦૦ સ્થાનિક વનસ્પતિની પ્રજાતિઓ સાથે ૩૨૦૦ વાર જગ્યામાં અર્બન ફોરેસ્ટ તૈયાર કરાયું

। (માહિતી) ડાંગ, તા.૬ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના દક્ષિણ પશ્ચિમ ઝોનના પ્રહ્લાદનગર ખાતે નવનિર્મિત કોમ્યુનિટી અર્બન ફોરેસ્ટનું લોકાર્પણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાના હસ્તે કરાયું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પીપીપી ધોરણે ૩૨૦૦ વાર જગ્યામાં આ અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરાયું છે, જેમાં આશરે ૨૦૦૦ સ્થાનિક વનસ્પતિની પ્રજાતિઓ સામેલ છે. આ ઉપરાંત સ્પાઈડર લીલી, મોગરો, જાસૂદ, ગ્રીન-ટી, ફાઉન્ટેન ગ્રાસ, ચીકુ, જાંબુ, જામફળ, કલ્પવૃક્ષ જેવા છોડ પણ રોપવામાં આવ્યા છે તથા પક્ષીઓ માટે સિંગાપુરી ચેરી પણ ઉગાડવામાં આવ્યા છે. આ અર્બન ફોરેસ્ટની વિશેષતા વિશે વાત કરીએ તો, અહીંનો રસ્તો ઈકો-ફ્રેન્ડલી કોંક્રિટ સાથે તૈયાર કરાયો છે. પક્ષીઓ માટે ખાસ તળાવ પણ બનાવાયું છે. વધુમાં અહીં વરસાદી પાણીના સંગ્રહ માટે પરિસરની અંદર ખંભાતી કૂવો તૈયાર કરવામાં આવ્યો છે. સાથે સાથે બાળકો માટે ફાર્મિંગ શીખવા સ્થળ બનાવાયું છે જેથી તેઓ હોમ ફાર્મિંગ પણ કરી શકે. આ પ્રસંગે વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર, અમદાવાદ મ્યુનિ. કમિશનર શ્રી બંછાનિધિ પાની તથા મ્યુનિ. અધિકારીઓ, પદાધિકારીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## સરકારી વિજ્ઞાન કોલેજ, ઝાલોદ ઉદિશા એકમ દ્વારા બે દિવસીય કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરાયું



। (માહિતી) દાહોદ, તા.૬ ।

સરકારી વિજ્ઞાન કોલેજ, ઝાલોદ ઉદિશા એકમ દ્વારા બે દિવસીય કારકિર્દી માર્ગદર્શન ઉદિશા એકમ (પ્લેસમેન્ટ સેલ ) દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે દરમ્યાન નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના **TPO** ડો. વિશાલ જૈન દ્વારા તજજ્ઞ તરીકે વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું. જેમા વિદ્યાથીર્ઓએ અને સ્ટાફ મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનું માર્ગદર્શન સરકારી વિજ્ઞાન કોલેજના ઈન્ચાર્જ આચાયશ્રી ડો. સુરેશ એચ. ગોર અને સંચાલનશ્રી રવિ કંડોલીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગુજરાતના ટેલિકોમ્યુનિકેશન વિભાગ દ્વારા જિલ્લા કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે 4G ટાવર સ્થાપના માટે જમીન ફાળવણીના મુદ્દા અંગેની બેઠક યોજાઈ

। (માહિતી) સુરત, તા.૬ ।

ભારત સરકારના દૂર સંચાર વિભાગ દ્વારા એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ પ્રોગ્રામ હેઠળ મૂળભૂત ટેલિકોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિરીક્ષણના ભાગરૂપે ગુજરાતના ટેલિકોમ્યુનિકેશન વિભાગ દ્વારા નમર્દા જિલ્લા કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે **4G** ટાવર સ્થાપના માટે જમીન ફાળવણીના મુદ્દા અંગેની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં દૂરસંચાર વિભાગ ડિરેક્ટર શ્રી અવિનાશ ખત્રીએ અધિક નિવાસી કલેકટર શ્રી સી.કે.ઉંધાડ અને નાંદોદ પ્રાંત અધિકારીશ્રી કિશનદાન ગઢવી તેમજ જિલ્લાનાં સંબધિત અધિકારીશ્રીઓને ટેલિકોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિરીક્ષણ અંગેની માહિતી આપી હતી ત્યારબાદ નમર્દા જિલ્લામાં ટેલિકોમ્યુનિકેશન સેવાઓ કઈ- કઈ ઉપલબ્ધ કરી શકાય તેની વિસ્તૃતમાં માહિતી મેળવી હતી. બેઠક દરમિયાન દૂરસંચાર વિભાગના આસિસ્ટન્ટ ડિરેક્ટર શ્રી કમલ પંવારે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન થકી ટેલિકોમ્યુનિકેશન સેવાના એજન્ડા અંગે વિસ્તૃતમાં સમજણ પુરી પાડી હતી. દૂરસંચાર વિભાગ ડિરેક્ટર શ્રી અવિનાશ ખત્રીએ પણ અછતગ્રસ્ત વિસ્તારોમાં **4G** મોબાઈલ કવરેજ પૂરું પાડવા માટેના ભારત સરકારના **4G** પ્રોજેક્ટનો અમલ કરવામા નમર્દા જિલ્લામાં મહેસૂલ/વન જમીન પર જમીન ફાળવણી સંબંધિત પડકારો તથા તેના નિવારણ અને આપત્તિ (આપત્તિ વ્યવસ્થાપન)ના પ્રતિભાવમાં ટેલિકોમ્યુનિકેશન સેવાઓ જેવા મહત્વના મુદ્દા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાત ટેલિકોમ્યુનિકેશન વિભાગના અધિકારીશ્રીઓ, **JIO, BSNL, Bharat Net** વિભાગના અધિકારીશ્રીઓ સહિત જિલ્લાના સંબધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## અમદાવાદ-હાવડા એક્સપ્રેસ અને પોરબંદર-સાંતરાગાછી કવિગુરૂ એક્સપ્રેસ ટ્રેનો પ્રભાવિત રહેશે

। અમદાવાદ, તા.૬ ।

દક્ષિણ પૂર્વ રેલવેમાં ખડગપુર મંડળના સાંતરાગાછી સ્ટેશન પર યાર્ડ રિમોડલિંગના સંબંધમાં નોન ઈન્ટરલોકિંગ કામ માટે બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે અમદાવાદ-હાવડા એક્સપ્રેસ અને પોરબંદર-સાંતરાગાછી કવિગુરૂ એક્સપ્રેસ ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છે :-

રદ ટ્રેનો

૧. ૧૬ મે ૨૦૨૫ ના રોજ અમદાવાદથી ચાલનારી ટ્રેન નંબર ૧૨૮૩૩ અમદાવાદ-હાવડા એક્સપ્રેસ રદ રહેશે.

૨. ૧૭ મે ૨૦૨૫ ના રોજ હાવડાથી ચાલનારી ટ્રેન નંબર ૧૨૮૩૪ હાવડા-અમદાવાદ એક્સપ્રેસ રદ રહેશે.

૩. ૯ મે ૨૦૨૫ ના રોજ પોરબંદરથી ચાલનારી ટ્રેન નંબર ૧૨૯૪૯ પોરબંદર-સાંતરાગાછી કવિગુરૂ એક્સપ્રેસ રદ રહેશે.

૪. ૧૧ મે ૨૦૨૫ ના રોજ સાંતરાગાછીથી ચાલનારી ટ્રેન નંબર ૧૨૯૫૦ સાંતરાગાછી-પોરબંદર કવિગુરૂ એક્સપ્રેસ રદ રહેશે.

રિશિડ્યુલ ટ્રેન

- ૧૬ મે ૨૦૨૫ ના રોજ પોરબંદરથી ચાલનારી ટ્રેન નંબર ૧૨૯૪૯ પોરબંદર-સાંતરાગાછી એક્સપ્રેસ ૨ કલાક રિશિડ્યુલ રહેશે.

ટ્રેનોના સમય, રોકાણ અને સંરચનાની વિગતવાર માહિતી માટે યાત્રી **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

# સાંસદ મુકેશભાઈ દલાલે સુરતમાં 'ગૈરસીમાવર્તી ક્ષેત્ર યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ'નો શુભારંભ કરાવ્યો

### રાજસ્થાન, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, પંજાબ અને હિમાચલપ્રદેશના ૨૫ યુવાનો અને ૨ ટીમ લીડરો આદાન-પ્રદાન અંતર્ગત સુરતના મહેમાન બન્યા



। (માહિતી) સુરત, તા.૬ ।

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય હેઠળ કાર્યરત નેહરૂ યુવા કેન્દ્ર-અને માય ભારત-સુરત દ્વારા તા.૪ થી ૮ માર્ચ સુધી સુરતમાં ગૈરસીમાવર્તી ક્ષેત્ર યુવા આદાન-પ્રદાન કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં રાજસ્થાન, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, પંજાબ અને હિમાચલપ્રદેશના વિવિધ જિલ્લાઓમાંથી કુલ ૨૫ યુવાનો અને ૨ ટીમ લીડરોએ ભાગ લીધો છે. સાંસદ મુકેશભાઈ દલાલે આદાન-પ્રદાન કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારત દેશના વિવિધ રાજ્યોના સહભાગીઓમાં રાષ્ટ્રીય એકતા, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને યુવા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે. પાંચ દિવસના કાર્યક્રમમાં સહભાગીઓ સાથે સાંસ્કૃતિક પ્રદર્શન, ઈન્ટરેક્ટિવ સત્રો અને શિક્ષણ, રોજગાર, આરોગ્ય અને સામાજિક મુદ્દાઓ સહિત વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવશે. **NYK**-સુરતના જિલ્લા યુવા અધિકારી સચિન શર્માએ જણાવ્યું હતું કે, આદાન-પ્રદાન કાર્યક્રમો દ્વારા વિવિધ જિલ્લાઓના યુવાનોને એક સાથે લાવવા, તેમના અનુભવો શેર કરવા અને એકબીજા પાસેથી શીખવા માટે અનોખું પ્લેટફોર્મ મળે છે. અમારું લક્ષ્ય આવી પહેલ દ્વારા રાષ્ટ્રીય એકતા, સામાજિક એકતા અને યુવા વિકાસને પ્રોત્સાહન આપવાનું છે. આ પ્રસંગે કમાન્ડિંગ ઓફિસર કર્નલ જગન્નાથ નિસોક્રો, **NCC** ૫ ગુજરાત બટાલિયન-સુરત તેમજ સુબેદાર મેજર મહેશકુમાર પાટીલ, સુબેદાર નિર્મલ સિંહ સહિતના મહાનુભાવો, પ્રતિભાગી યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને આરોગ્ય શાખા હસ્તકની હેલ્થ ગવર્નિંગ બોડીની બેઠક યોજાઈ



। (માહિતી) દાહોદ, તા.૬ ।

દાહોદ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ આરોગ્ય વિભાગની ગવર્નિંગ બોડી મીટીંગ, રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત **COT-PA-2003** એક્ટની સ્ટીયરીંગ કમીટી, સંચારી રોગ અટકાયતી જિલ્લા સંકલન અને સર્વેલન્સ કમીટી, સીકલસેલ-થેલેસેમીયા કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાની સંકલન સમિતિની મીટીંગ યોજવામાં આવી હતી. જે દરમ્યાન આરોગ્યના તમામ પ્રોગ્રામની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ મિટિંગ દરમ્યાન માતા - બાળકના મૃત્યુદર થવાના કારણો જાણવા સહિત મૃત્યુદર ઘટાડવા માટેના કરવાના થતા પ્રયત્નો, સિકલસેલ એનિમિયા, સ્ક્રીનિંગ સહિત આરોગ્ય અંગે તાલુકાઓ લેવલના ડેટા રજૂ કરવામાં આવ્યા હતા. જે માટે કલેકટરશ્રી દ્વારા એ અંગે વિગતે ચર્ચા કરવા સહિત જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એ સાથે માતા અને બાળમરણનું પણ રીવ્યુ કરવામાં આવ્યું હતું. ભવિષ્યમાં આવા પ્રોબ્લેમ ન સર્જાય તે માટેની તકેદારી રાખવા જણાવાયું હતું. સિકલસેલ એનિમિયા માટે કરવામાં આવી રહેલી કામગીરી તેમજ હોસ્પિટલમાં પેશન્ટના રિપોર્ટ્સ અંગેની આંકડાકીય માહિતી રજૂ કરવામાં આવતાં કલેકટરશ્રી યોગેશ નિરગુડેએ ડેટા પરફેક્ટ હોવા જોઈએ. સારા ડેટા કરતા સાચા કામ પર વધારે ધ્યાન આપી કામગીરી કરવા તેમજ માતાઓ અને બાળકો પર વધારે ધ્યાન આપવા સંબંધિત તમામ મેડિકલ ઓફિસરશ્રીઓને સૂચના આપી હતી. ટાઈફોઈડ, ટીબી, કોલેરા જેવા રોગો સાથે સીઝનલ ફ્લૂ માટેના સ્ક્રીનિંગ કરવા સહિત જરૂરી દવાઓના અવેલેબલ સ્ટોક અને દવાઓની એક્સપાયરી ડેટ ચેક કરવા જણાવાયું હતું. ઉપરાંત ઉનાળાને ધ્યાને લઈને મિનરલ વોટર માટેની ફેક્ટરીનું ચેકીંગ હાથ ધરવા સહિત હિટવેવ અંગે જાહેર હિતમાં જરૂરી સુચનાઓ અંગે પ્રસાર - પ્રચાર કરવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

## અમદાવાદ મહાનગરપાલિકા કક્ષા અને જિલ્લાકક્ષા બેટરી ટેસ્ટનું આયોજન

। (માહિતી) અમદાવાદ, તા.૬ ।

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર દ્વારા રાજયમાં રમતગમતના વિકાસ અને વિદ્યાથીર્ઓ માં રમતગમત પ્રત્યે રૂચિ ધરાવે તે માટે જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અમલમાં મૂકાયેલ છે. આ અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ માટે અમદાવાદ મહાનગરપાલિકા કક્ષા અને જિલ્લાકક્ષા બેટરી ટેસ્ટનું આયોજન એથ્લેટીક્સ ટ્રેક, નિકોલ રમત સંકુલ, ચાણક્ય સ્કૂલની પાસે, શુકન ચાર રસ્તાની બાજુમાં, નિકોલ, અમદાવાદ ખાતે કરવામાં આવશે. હાલમાં ચાલતા ખેલ મહાકુંભ **3.0** અંતર્ગત અંડર-૯ અને અંડર-૧૧ વય જૂથના વિજેતા ખેલાડીઓને મહાનગરપાલિકા અને જિલ્લામાં યોજાનાર બેટરી ટેસ્ટ માટે પાત્રતા આપવામાં આવી છે. અમદાવાદ મહાનગરપાલિકા ૬ ઝોન અને જિલ્લાના ૧૦ તાલુકામાં યોજાયેલ ૩૦ મીટર દોડ, ૫૦ મીટર દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ સ્પધાર્મા વિજેતા ક્રમ (૧) થી (૮) માં પસંદગી પામેલ બહેનોએ તા.૧૧/૦૩/૨૦૨૫ અને ભાઈઓ તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજ આ ટેસ્ટમાં ભાગ લઈ શકશે. મહાનગરપાલિકા અને જિલ્લાકક્ષા બેટરી ટેસ્ટમાં પસંદગી થયેલ ખેલાડીઓ રાજયકક્ષા પરીક્ષામાં ભાગ લઈ શકશે. રાજયક્ક્ષાની પરીક્ષામાં મેરીટ મુજબ જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં પસંદગી કરવામાં આવશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તામારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે. તમારો દિવસ તમારા પ્રિયપાત્રના હાસ્ય સાથે શરૂ થશે તથા તેનો અંત એકમેકના સપનાંમાં થશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે સ્વાસ્થ્યની દૃષ્ટિએ તમારો દિવસ સારો રેહશે. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તામારુ સ્વાસ્થ્ય બરાબર રહેશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો. આનંદ આપીને તથા ભૂતકાળની ભૂલોને માફ કરીને તમે તમારા જીવનને લાયક બનાવશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પરંતુ સમસ્યા ઉકેલવામાં તમારા મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે કોઈ પણ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે હળવા થવા માટે તમારા નજીક ના મિત્રો સાથે સમય વિતાવજો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**તુલા (ર,ત) :**
આજે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વતર્માન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને તમારા વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કારણ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. ઘરમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરતા પૂર્વે તમારા વડીલોના સલાહ-સૂચન લો અન્યથા તેનાથી ગુસ્સો તથા નારાજગીને આમંત્રણ મળશે.

**મકર (ખ,જ) :**
આજે તમારે શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કારણ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? લાંબા સમયથી જેના સંપકર્માં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય વધુ ખર્ચ કરો એવી સંભાવના છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમને સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. મિત્રો તથા સંબંધીઓ તમારી તરફેણ કરશે અને તમે તેમની સોબતમાં ખાસ્સા ખુશ રહેશો. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે અને તેઓ તમારી સાથે ગુસ્સે થઈ શકે છે.

## ટ્રમ્પે ગાઝાથી મુક્ત કરાયેલા આઠ ઇઝરાયેલી બંધકોને મળ્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે બપોરે ગાઝા દ્વારા છોડવામાં આવેલા ૮ ઈઝરાયેલી બંધકોને મળ્યા હતા અને બાકીના બંધકોને મુક્ત કરાવવાનું વચન આપ્યું હતું. બંધકોમાંથી એકે ટ્રમ્પને કહ્યું કે, ‘‘મારો પરિવાર અને હું, અમે પોતે માનીએ છીએ કે તમને ભગવાને અમને મુક્ત કરવા માટે મોકલ્યા છે.’’ ઓવલ ઓફિસમાં એક મુલાકાત દરમિયાન હમાસ તરફથી મુક્ત કરવામાં આવેલા લોકોએ ડોનાલ્ડ ટ્રમ્પને તેમને આપવામાં આવેલી યાતનાઓ વિશે વાત કરી હતી. મુક્ત થયેલા બંધકોને પૂછવામાં આવ્યું કે શું તે ‘‘નર્ક’’ હતું, ત્યારે એક મહિલાએ જવાબ આપ્યો કે, ‘‘કોઈની સાથે થયેલું આ સૌથી ખરાબ કૃત્ય હતું.’’ એક ઘટનાનું વર્ણન કરતાં મહિલાએ એ સમયને યાદ કર્યો જ્યારે એક કિડનેપરે યુવકોમાંથી એકને હાથકડી પહેરાવી અને તેનો હાથ કાપી નાખ્યો. જે બાદમાં તેને ચહેરા પર હાસ્ય હતું. મહિલાએ જણાવ્યું કે, ‘‘તેઓ અમારી સામે જમતા હતા અને અમને ભૂખે મારતા હતા.’’ એક અન્ય વ્યક્તિએ ૪૯૧ દિવસ સુધી કેદમાં રહીને દરરોજ ભૂખ્યા રહેવું, હિંસા અને અપમાન સહન કરવાની વાત વાગોળી હતી. તેણે કહ્યું, ‘‘મને ૭ ઓક્ટોબરે કિડનેપ કરી લેવાયો હતો. તે દિવસે મારી પત્ની અને બે પુત્રીઓની હત્યા કરી દેવાઈ હતી. એક વખતે તેમણે મારાં પાંસળીઓ તોડી નાખી હતી અને તે એટલું પીડાદાયક હતું કે હું એક મહિના સુધી શ્વાસ ન લઈ શક્યો. રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આભાર, કે હું મુક્ત થયો અને મારી માતા અને બહેનને ફરીથી મળી શક્યો.’’ આઠ મુક્ત કરાયેલા બંધકોમાંથી એક બુઝુર્ગ વ્યક્તિએ કહ્યું કે તેને ૩૩ વખત એકથી બીજી જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા.

નવા કાયદામાં જોગવાઈ

# હવે ઈન્કમ ટેક્સના અધિકારીઓ તમારા ઇ-મેઇલમાં ડોકિયું કરી શકશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

આવકવેરા અધિકારી હવેથી તમારા ઈ-મેઈલ એકાઉન્ટ, સોશિયલ મિડીયા એકાઉન્ટમાં પણ પ્રવેશી શકશે. આવકવેરાના નવા કાયદામાં કરવામાં આવેલી જોગવાઈ હેઠળ આવકવેરા અધિકારીને આ સત્તા મળી રહી છે. પહેલી એપ્રિલ ૨૦૨૬થી નવો કાયદો અમલી બનશે. ત્યારબાદ આવકવેરા અધિકારી ઈચ્છે તેના ઈ-મેઈલ એકાઉન્ટ, વોટ્સએપ એકાઉન્ટ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, ટ્વિટર એકાઉન્ટની ચકાસણી કરી શકશે. ભારત ડિજિટલ યુગમાં પ્રવેશી ચૂક્યું છે. આ સ્થિતિમાં આવકવેરાની ચકાસણી કે તપાસ પણ ડિજિટલ યુગની બરોબરી કરી શકે તેવી હોવી જોઈએ તેવી ગણતરી સાથે આ જોગવાઈ કરવામાં આવી છે. પહેલી એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવનારા નવા ઈન્કમટેક્સ એક્ટ હેઠળની કલમ ૨૪૭માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ આવકવેરા ખાતાને કરદાતાના સોશિયલ મિડીયા એકાઉન્ટની ચકાસણી કે તપાસ કરવાના અધિકાર મળશે. આવકવેરા અધિકારી કરદાતાના પ્રોફાઈલની, ઈ-મેઈલની, બેન્ક એકાઉન્ટ, ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ અને ટ્રેડિંગ એકાઉન્ટની ચકાસણી કરી શકશે. આ ચકાસણી પછી તેમને લાગે કે સંબંધિત કરદાતાએ વેરાની ચોરી કરી છે, તેની પાસે જાહેર ન કરેલી મિલકત છે અથવા રોકડ, સોનું કે પછી દાગીના છે કે અન્ય કોઈ મૂલ્યવાન વસ્તુઓ છે તો તે તમારા ખાતાની ચકાસણી કરી શકશે. ઈન્કમટેક્સ એક્ટ ૧૯૬૧ની કલમ ૧૩૨ હેઠળ આવકવેરા અધિકારીને લાગે કે સંબંધિત કરદાતાએ કરચોરી કરવાના ઈરાદાથી તેની આવક છુપાવી છે, નાણાંકીય રેકોર્ડ સંતાડી રાખ્યા છે તો આવકવેરા અધિકારી તે કરદાતાને ત્યાં દરોડો પાડી શકે છે.આવકવેરા ધારા ૧૯૬૧માં કરવામાં આવેલી જોગવાઈ હેઠળ, આવકવેરા અધિકારી કરદાતાએ જાહેર ન કરેલી આવકને પકડી પાડવા માટે તેમની ઓફિસમાં ઘૂસી જવાની, સેફ-લોકર્સની તપાસ કરવાની સત્તા ધરાવે છે.

ટ્રમ્પની હમાસને લાસ્ટ વોર્નિંગ!

# ‘બંધકોને તાત્કાલિક છોડો નહીંતર ગાઝાને નર્ક બનાવી દઈશું’: ટ્રમ્પ

ટ્રમ્પે પોસ્ટમાં લખ્યું હતું કે શલોમ હમાસ જેનો અર્થ છે કે હેલ્લો-ગુડબાય, તમે તમારી રીતે પસંદ કરો, તમામ બંધકોને તાત્કાલિક મુક્ત કરો



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ મુદ્દે ધડાધડ નિર્ણયો લીધા બાદ હવે ફરી એકવાર ઈઝરાયલ-હમાસ તરફ ધ્યાન આપતાં કડક શબ્દોમાં ચેતવણી આપી હતી કે તાત્કાલિક ધોરણે બંધકોને મુક્ત કરવામાં આવે નહીંતર હમાસનો ખાત્મો નક્કી છે.

ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક મેસેજ પોસ્ટ કર્યો હતો અને હમાસને અપીલ કરી હતી કે તમે એક સ્માર્ટ નિર્ણય કરો, બંધકોને અત્યારે છોડી મૂકો નહીંતર ગાઝામાં નર્ક જેવી સ્થિતિ કરી નાખીશું. કહેર વર્તાવીશું.

ટ્રમ્પે આ રિએક્શન ત્યારે આપ્યું જ્યારે વ્હાઈટ હાઉસે માહિતી આપી કે અમેરિકાની સરકાર હમાસ સાથે ડાયરેક્ટ વાતચીત કરી રહી છે અને તેમાં પેલેસ્ટાઈનમાં બંધક બનાવીને રાખવામાં આવેલા ઈઝરાયલીઓને મુક્ત કરવા કહેવામાં આવ્યું છે. ટ્રમ્પે હમાસના નેતૃત્વને અપીલ કરી કે તમારે તાત્કાલિક ગાઝાને છોડી દેવો જોઈએ અને ગાઝાના લોકોને મારી અપીલ છે કે એક સોનેરી ભવિષ્ય તેમની વાટ જુએ છે. ટ્રમ્પે પોસ્ટમાં લખ્યું હતું કે ‘શલોમ હમાસ જેનો અર્થ છે કે હેલ્લો અને ગુડબાય.. તમે તમારી રીતે પસંદ કરો, તમામ બંધકોને તાત્કાલિક મુક્ત કરો, બાદમાં નહીં. ટ્રમ્પે પોસ્ટમાં લખ્યું હતું કે શલોમ હમાસ જેનો અર્થ છે કે હેલ્લો અને ગુડબાય, તમે તમારી રીતે પસંદ કરો, તમામ બંધકોને તાત્કાલિક મુક્ત કરો અને હા જે લોકોની તમે હત્યાઓ કરી છે તેમના શબ અત્યારે જ પાછા કરો. નહીંતર તમારી કહાની ખતમ. ફક્ત બીમાર અને મનોરોગી લોકો જ શબને કબજામાં રાખે છે અને તમે લોકો બીમાર અને પાગલ છો...!’ ઉલ્લેખનીય છે કે હમાસ સાથે અત્યાર સુધી અમેરિકાએ ક્યારેય સીધી વાતચીત કરી નહોતી. અમેરિકાની સરકારે ૧૯૯૭માં જ હમાસને આતંકી સંગઠન જાહેર કર્યું હતું. ટ્રમ્પે એમ પણ કહ્યું કે હમાસના કબજામાં ઈઝરાયલી બંધકો મૃત્યુ પામી ગયા હોય તો તેમના શબ સન્માન સાથે ઈઝરાયલને પરત કરી દેવામાં આવે.

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીની ગોળી મારી હત્યા કરાઇ

## અમેરિકામાં તેલંગાણાના વિદ્યાર્થીની આ પહેલી હત્યા નથી, છેલ્લા પાંચ મહિનામાં આ ત્રીજી ઘટના છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલાની ઘટનાઓ સતત વધતી જઈ રહી છે. તાજેતરની ઘટનામાં તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લામાંથી અમેરિકા ભણવા ગયેલા એક વિદ્યાર્થીની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી. મૃતકની ઓળખ જી.પ્રવીણ (૨૬) તરીકે થઈ છે. પ્રવીણ વિસ્કોન્સિનના મિલ્વોકીમાં એમ.એસ.નો અભ્યાસ કરી રહ્યો હતો અને તે એક સ્ટોરમાં પાર્ટ ટાઈમ નોકરી કરતો હતો.આ ઘટના બુધવારે સવારે બની હતી જેના બાદ અમેરિકાના અધિકારીઓએ પ્રવીણના પરિજનોને તેની જાણકારી આપી હતી. પીડિતના પિતા રાઘવુલુએ કહ્યું કે મને સવારે ૫ વાગ્યે એક વોટ્સએપ કોલ આવ્યો હતો પણ મેં તે ન ઉપાડ્યો. પછી સવારે મેં મિસ્ડ કૉલ જોઈને વોઈસ મેસેજ મોકલ્યો. કલાક વીતી જવા છતાં કોઈ જવાબ ન મળ્યો તો મને ચિંતા થવા લાગી અને પછી મેં મારા દીકરાના મિત્રોને કોલ કર્યો. ત્યારે મને જાણકારી મળી કે મારો દીકરો એક સ્ટોર પર પાર્ટ ટાઈમ નોકરી માટે ગયો હતો અને લૂંટફાટની ઘટના વખતે લૂંટારૂઓએ તેને ગોળી મારી દીધી. જેના કારણે મારા દીકરાનું મોત નીપજ્યું. આ ઉપરાંત પ્રવીણના પિતરાઈ ભાઈ અરુણે જણાવ્યું કે પ્રવીણના મિત્રોએ જાણકારી આપી હતી કે મારા ભાઈને ગોળીઓથી વીંધી નાખવામાં આવ્યો હતો. જોકે અમુક લોકો કહે છે કે પ્રવીણની હત્યા એક સ્ટોરમાં અજાણ્યા હુમલાખોરોએ કરી હતી. અમને અત્યાર સુધી તેના



મોતનું સચોટ કારણ જાણવા મળ્યું નથી. અમેરિકાના અધિકારીઓ કહે છે કે પોસ્ટમોર્ટમ બાદ જ અમને સચોટ કારણ જાણવા મળશે. પ્રવીણે હૈદરાબાદમાં બીટેકનો અભ્યાસ કર્યો હતો અને ૨૦૨૩માં એમ.એસ. કરવા અમેરિકા ગયો હતો. પાંચ મહિનામાં ત્રીજી ઘટના અમેરિકામાં તેલંગાણાના વિદ્યાર્થીની આ પહેલી હત્યા નથી. છેલ્લા પાંચ મહિનામાં આ ત્રીજી ઘટના છે. નવેમ્બર ૨૦૨૪માં ખમ્મમ જિલ્લાના એક વિદ્યાર્થી અને જાન્યુઆરી ૨૦૨૫માં હૈદરાબાદના એક વિદ્યાર્થીની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

## IAS અધિકારીઓ હંમેશા IPS-IFS પર પોતાનું વર્ચસ્વ જમાવવા પ્રયાસ કરે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

સુપ્રીમ કોર્ટે બુધવારે IAS, IPS અને IFSના સિવિલ અધિકારીઓ વચ્ચે ચાલી રહેલી અહંકારની લડાઈમાં ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ(IAS)ના અધિકારીઓને ફટકાર લગાવી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ જ્યોર્જ મસીહની બેન્ચે ટિપ્પણી કરી હતી કે, IAS અધિકારીઓ હંમેશા IPS અને IFS અધિકારીઓ પર પોતાની સર્વોપરિતા બતાવવાનો પ્રયાસ કરે છે. જસ્ટિસ ગવઈએ જણાવ્યું હતું કે, ‘IAS હંમેશા IPS અને IFS પર પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરે છે. આ નિવેદન મારા સરકારી વકીલ અને જસ્ટિસ તરીકેના અનુભવના આધારે છે. આ સંઘર્ષ તમામ રાજ્યોમાં છે. બીજી બાજુ IPS અને IFSમાં પણ એ વાતનો અહંકાર છે કે ‘તેઓ એક જ કેડરના હોવા છતાં શા માટે IASનું સાંભળે.’ સુપ્રીમ કોર્ટે પર્યાવરણીય મામલાની સુનાવણી કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. આ મામલો IAS અધિકારીઓ દ્વારા વન અધિકારીઓને તેમના આદેશનું પાલન કરવા મુદ્દેનો હતો. કેન્દ્ર સરકારના બીજા સૌથી વરિષ્ઠ કાયદા અધિકારી, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી કે તે અધિકારીઓ વચ્ચેના આવા આંતરિક સંઘર્ષોને ઉકેલવાનો પ્રયાસ કરશે.

કરોડપતિઓની સંખ્યા ૨૦૨૮ સુધીમાં વધીને ૯૩,૭૫૩ થવાની ધારણા

# ભારતમાં વધી રહ્યા છે અબજોપતિ, ૧૯૧ પર પહોંચી અબજોપતિઓની સંખ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ભારતમાં ૨૦૨૪માં કરોડપતિઓની સંખ્યામાં વધારો થયો છે. પ્રોપર્ટી કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેન્કના જણાવ્યા અનુસાર ગયા વર્ષે ૧૦ મિલિયન ડોલરથી વધુ સંપત્તિ ધરાવતા ભારતીય હાઈ-નેટ-વર્થ વ્યક્તિઓની સંખ્યા ૬ ટકા વધીને ૮૫૬૯૮ થઈ ગઈ છે. નાઈટ ફ્રેન્કે બુધવારે તેનો ‘ધ વેલ્થ રિપોર્ટ ૨૦૨૫’ બહાર પાડ્યો હતો, જેમાં ભારતમાં કરોડપતિઓની વધતી સંખ્યાની માહિતી અપાઈ હતી. નાઈટ ફ્રેન્કનો એવો પણ અંદાજ છે કે આ સંખ્યા ૨૦૨૮ સુધીમાં વધીને ૯૩,૭૫૩ થવાની ધારણા છે, જે ભારતના વિકસતા સંપત્તિના



પરિદૃશ્યને પ્રતિબિંબિત કરે છે.ભારતીય અબજોપતિઓની સંયુક્ત સંપત્તિ ૯૫૦ અબજ યુએસ ડોલર હોવાનો અંદાજ છે, જે યુએસ (૫.૭ ટ્રિલિયન યુએસ ડોલર) અને મેઈનલેન્ડ ચીન (૧.૩૪ ટ્રિલિયન યુએસ ડોલર) પછી વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે. નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શિશિર બૈજલે જણાવ્યું હતું કે ભારતની વધતી સંપત્તિ તેની આર્થિક સ્થિતિસ્થાપકતા અને લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાને રેખાંકિત કરે છે. ઉદ્યોગસાહસિક ગતિશીલતા, વૈશ્વિક એકીકરણ અને ઉભરતા ઉદ્યોગોને કારણે દેશમાં હાઈ-નેટ-વર્થ ધરાવતા વ્યક્તિઓમાં અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળી રહી છે.બૈજલે જણાવ્યું હતું કે આ વિસ્તરણ ફક્ત સ્કેલમાં જ નહીં પરંતુ ભારતના ઉચ્ચ વર્ગના લોકોની ઉભરતી રોકાણ પસંદગીઓમાં પણ છે, જેઓ રિયલ એસ્ટેટથી લઈને વૈશ્વિક ઈક્વિટી સુધીના એસેટ વર્ગોમાં વૈવિધ્યીકરણ કરી રહ્યા છે. બૈજલે ઉમેર્યું હતું કે, આગામી દાયકામાં વૈશ્વિક સંપત્તિ નિર્માણમાં ભારતનો પ્રભાવ વધુ મજબૂત બનશે.

# ચંદ્રશેખર આઝાદના કાફલા પર થયેલો જીવલેણ હુમલો

### સાંસદ ચંદ્રશેખર આઝાદના કાફલા પર ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં જીવલેણ હુમલો કરવામાં આવ્યો

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૬ ।

આઝાદ સમાજ પાર્ટીના અધ્યક્ષ અને નગીનાથી લોકસભા સાંસદ ચંદ્રશેખર આઝાદના કાફલા પર ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. આ ઘટના મંગળવારે એક જાહેર સભા દરમિયાન બની હતી. ચંદ્રશેખર આઝાદે દાવો કર્યો કે, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ના કાર્યકરોએ આ હુમલાને અંજામ આપ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે કાર્યક્રમ સ્થળ પર લગભગ ૨૫૦ લોકોની ભીડે પથ્થરમારો કર્યો હતો અને પાર્ટીના કાર્યકતાર્ઓ પર હુમલો કર્યો. આ દરમિયાન ડઝનબંધ વાહનોને પણ નુકસાન થયું છે. ચંદ્રશેખર આઝાદે ખુદ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X હેન્ડલ પર આ હુમલાની માહિતી આપી છે. તેમણે આરોપ લગાવ્યો કે, આ હુમલો સંગઠિત રીતે કરવામાં આવ્યો હતો અને તેનો હેતુ લોકશાહી અને સામાજિક ન્યાયના અવાજને કચડી નાખવાનો હતો. ચંદ્રશેખર આઝાદે આ ઘટના માટે સંઘ પરિવારને જવાબદાર ઠેરવ્યો અને કહ્યું કે આવા સંગઠનોને સરકારનું ખુલ્લું રક્ષણ પ્રાપ્ત છે. તેમણે હુમલાના ગુનેગારોની ધરપકડ કરવા અને તેમની સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માગ કરી છે.

**વિશેષ** | ૭ માર્ચઃ જન ઔષધિ દિવસ । પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના (PMBJP) : નાગરિકો માટે આરોગ્યની સંજીવની

# રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગના નાગરિકોને ગુણવત્તાયુક્ત દવાઓ ઓછામાં ઓછા ભાવે ઉપલબ્ધ કરાવવા જન ઔષધિ કેન્દ્ર આશીર્વાદરૂપ : આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

। (માહિતી) ગાંધીનગર ।

૭મી માર્ચ જન ઔષધિ દિવસ તરીકે સમગ્ર દેશમાં ઉજવાય છે.આજના યુગમાં આરોગ્ય અને દવાઓનો ખર્ચ સામાન્ય નાગરિકો માટે ચિંતાનું કારણ બન્યું છે. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગના નાગરિકોને ગુણવત્તાયુક્ત દવાઓ ઓછામાં ઓછા ભાવે ઉપલબ્ધ કરાવવા જન ઔષધિ કેન્દ્ર આશીર્વાદરૂપ છે. જે માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના (PMBJP) શરૂ કરાઈ છે. જેના પરિણામે સસ્તી દવાઓ દ્વારા દેશમાં આરોગ્ય ક્રાંતિ આવી છે.

આ યોજનામાં કેન્દ્ર સરકારે ફ્રેન્ચાઈઝી મોડલ આપનાવ્યું છે જેમાં સંસ્થા અથવા વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો દ્વારા જનઔષધિ કેન્દ્ર ખોલવામાં આવે છે.

જેના ફળશ્રુતિરૂપે છેલ્લા ૧૦ વર્ષમાં, કેન્દ્રોની સંખ્યામાં ૧૮૦ ગણો વધારો થયો છે અને વેચાણમાં પણ ૨૦૦ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪માં માત્ર ૮૦ કેન્દ્રો હતા અને તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધીની સ્થિતિએ સમગ્ર દેશમાં ૧૫,૦૦૦ જનઔષધિ કેન્દ્રો અને પ્રાથમિક કૃષિ ધિરાણ સોસાયટી શ્રેણીમાં ૭૧૯ જન ઔષધિ કેન્દ્રો કાર્યરત છે. જ્યારે ગુજરાતમાં ૭૫૦ થી વધું કેન્દ્રો સેવારત છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં રાજ્યના છેવાડાના નાગરિકોને પણ ગુણવત્તાયુક્ત દવાઓ ઓછામાં ઓછા ભાવે મળી રહે તે માટે નિરંતર પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સાથોસાથ ગુણવત્તા ફક્ત ઊંચી કિંમતનો પર્યાય છે તેવી ધારણાને જડમૂળથી ખત્મ કરવા તેમજ નવા જન ઔષધિય કેન્દ્ર ખોલવા નાગરિકોને પ્રોત્સાહન પણ કરવામાં આવી રહ્યો છે.

ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, PMBJP રૂ. ૧,૪૭૦ કરોડ (એમઆરપી પર)નું વેચાણ કર્યું છે. જેના કારણે નાગરિકોને આશરે ૭,૩૫૦ કરોડ રૂપિયાની બચત થઈ છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, PMBJPમાં તા. ૩૧.૦૧.૨૦૨૫ સુધીમાં રૂ. ૧,૬૦૬ કરોડ (એમઆરપી પર)નું વેચાણ કર્યું છે. આ ઉમદા યોજનાના પરિણામે નાગરિકો માટે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ શક્ય બન્યું છે.

**મહિલાઓને મળે છે ફક્ત એક રૂપિયામાં ઓક્સિ-બાયોડિગ્રેડેબલ સેનિટરી નેપકિન’’ની સુવિધા**

ભારતભરની બધી મહિલાઓને માસિક સ્રાવ દરમિયાન આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે વર્ષ ૨૦૧૯થી ઓછા ભાવે સેનેટરી નેપકિનનું વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ‘‘જનઔષધિ સુવિધા ઓક્સિ-બાયોડિગ્રેડેબલ સેનિટરી નેપકિન’’ પ્રતિ સેનિટરી પેડ માત્ર એક રૂપિયામાં JAK કેન્દ્રો ઉપર ઉપલબ્ધ છે. જનઔષધિ



સુવિધા નેપકિન દેશભરના ૧૫,૦૦૦થી વધુ PMBJP કેન્દ્રોમાં વેચાણ માટે ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૧૯થી તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધીની સ્થિતિએ આ કેન્દ્રો દ્વારા અંદાજે ૭૨ કરોડથી વધુ જનઔષધિ સુવિધા સેનિટરી પેડ વેચવામાં આવ્યા છે .

**‘‘જન ઔષધિ સુગમ‘‘ મોબાઈલ એપ્લિકેશન વિકસાવી**

આઈટી આધારિત મોબાઈલ ઈન્ટરફેસને સરળ બનાવવા માટે, મોબાઈલ એપ્લિકેશન ‘‘જન ઔષધિ સુગમ‘‘માં ગૂગલ મેપ દ્વારા નજીકના જન ઔષધિ કેન્દ્ર અને જેનેરિક દવાઓ શોધવા સાથે જ, એમઆરપીના સંદર્ભમાં જેનેરિક વિરુદ્ધ બ્રાન્ડેડ દવાઓની કિંમતોની તુલના કરવી જેવી વિવિધ વપરાશકર્તા- મૈત્રીપૂર્ણ વિકલ્પો વિકસાવવામાં આવ્યા છે.

**PMBJP યોજના થકી આશરે ૨૦૪૭થી વધુ દવાઓના ભાવમાં ભારે ઘટાડો થયો**

PMBJPના ઉત્પાદન બાસ્કેટમાં કુલ ૨૦૪૭ દવાઓ અને ૩૦૦ સર્જિકલ સાધનોનો સમાવેશ થાય છે, જે રિટેલ દુકાનો પર બ્રાન્ડેડ દવાઓ કરતાં ૫૦થી ૮૦ ટકા સસ્તા ભાવે વેચાય છે. પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના (PMBJP) હેઠળ, કેન્દ્ર સરકારે આગામી તા. ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં દેશભરમાં ૨૫,૦૦૦ નવા જન ઔષધીય કેન્દ્ર ખોલવાનું લક્ષ્ય રાખ્યું છે. જ્યારે PMBIએ માર્ચ ૨૦૨૫ સુધીમાં ૧૫,૦૦૦ JAK ખોલવાનું લક્ષ્યાંક આપ્યું છે. વધુમાં, દવાઓની મોટી શ્રેણીને આવરી લેવા માટે ૨૯ મુખ્ય ઉપચારાત્મક જૂથો જેમ કે એન્ટિબાયોટિક્સ અને ચેપ વિરોધી, કેન્સર વિરોધી, ડાયાબિટીસ વિરોધી, કાર્ડિયોવાસ્ક્યુલર દવાઓ, પીડાનાશક અને એન્ટિપ્રાયરેટિક, એન્ટિ-એલર્જિક, ગેસ્ટ્રો-ઈન્ટેસ્ટાઈનલ એજન્ટ્સ, વિટામિન્સ અને મિનરલ્સ, ફૂડ સપ્લિમેન્ટ્સ /ન્યુટ્રાસ્યુટિકલ્સ, ટોપિકલ દવાઓ વગેરેને PMBJP બાસ્કેટમાં આવરી લેવામાં આવ્યા છે. વધુમાં, ૩૦૦ સર્જિકલ સાધનો અને માસ્ક, ઓર્થોપેડિક રિહેબિલિટેશન પ્રોડક્ટ્સ, સર્જિકલ ડ્રેસિંગ્સ, સિરીંજ અને સોય, સેનિટરી નેપકિન્સ, ટાંકા, ડાયપર, રબર ગ્લોવ્સ, ઓક્સિમીટર, રેપિડ એન્ટિજેન ટેસ્ટ કીટ વગેરે જેવા ઉપભોગ્ય વસ્તુઓને પણ PMBJP બાસ્કેટ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના રસાયણ અને ખાતર મંત્રાલયના ફાર્માસ્યુટિકલ્સ વિભાગ દ્વારા પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના (PMBJP) શરૂ કરવામાં આવી હતી. જેમાં જેનેરિક દવાઓ પૂરી પાડવા માટે જનઔષધિ કેન્દ્રો (JAKs) તરીકે ઓળખાતા સમર્પિત આઉટલેટ્સ ખોલવામાં આવ્યા છે. આ ઉમદા પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાનશ્રીએ દર વર્ષે ૦૭ માર્ચને જન ઔષધિ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે. આ દિવસ જેનેરિક દવાઓને પ્રોત્સાહન તેમજ આ યોજના વિશે જાગૃતિ લાવવાના ઉમદા આશયથી ઉજવવામાં આવે છે. અગાઉના વર્ષોની જેમ, આ વર્ષે પણ તા. ૦૧થી ૦૭ માર્ચ ૨૦૨૫ દરમિયાન દેશભરમાં વિવિધ સ્થળોએ અઠવાડિયાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જન ઔષધિ દિવસ સપ્તાહ દરમિયાન, PMBI જન પ્રતિનિધિઓ, ડોકટરો, વિદ્યાર્થીઓ, લાભાર્થીઓ, બાળકો, મહિલાઓ અને નાગરિક સમાજની મોટા પાયે ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે સેમિનાર, આરોગ્ય શિબિરો, વારસો અને આરોગ્ય પદયાત્રા અને અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરી રહ્યું છે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

सत्यमेव जयते
ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રીનો સંકલ્પ

## સૌને અન્ન...સૌને પોષણ...





માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્ર મોદીના

વરદ્હસ્તે





પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત
ગંગાસ્વરૂપા, વૃદ્ધ, દિવ્યાંગ સહાય યોજના તથા
ગરીબ લાભાર્થી પરિવારોના અંદાજિત
૨,૦૦,૦૦૦ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજનું

## લાભ વિતરણ

:: પ્રેરક ઉપસ્થિતિ ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માન. મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સી.આર.પાટીલ**
માન. કેન્દ્રીય મંત્રી, જળશક્તિ મંત્રાલય

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અંત્યોદય કલ્યાણની વિચારધારાને
કેન્દ્રમાં રાખી સમાજના વંચિત જૂથને સીધો લાભ પહોંચે તે હેતુથી

## સુરત જિલ્લા અન્ન સુરક્ષા સંતૃપ્તિકરણ અભિયાન

ગંગાસ્વરૂપા સહાય યોજના, વૃદ્ધ સહાય યોજના,
દિવ્યાંગ સહાય યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા તથા અન્ય ગરીબ પરિવારોને

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ આપવાનો સંકલ્પ

**૭ માર્ચ ૨૦૨૫, શુક્રવાર બપોરે ૩-૦૦ વાગે નીલગીરી સર્કલ, લિંબાયત, સુરત**



**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર**